ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી/સીએન્ડઈ/2019/10734-35, તા. 22-4-2019- થી મંજૂર

અજમાયશી પાઠ્યપુસ્તક

# મયૂર

## (ગુજરાતી-દ્વિતીય ભાષા)

## ધોરણ 3

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારા ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે
આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**કિંમત : ₹ 36.00**

વિદ્યાર્થીનું નામ : ____________________

શાળાનું નામ : ____________________

વર્ગ : __________ ક્રમાંક : __________

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે.
આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**
ડૉ. મહેન્દ્ર ચોટલિયા

**લેખન-સંપાદન**
ડૉ. હરેશ ચૌધરી
શ્રી યાજ્ઞા સપાટવાલા
ડૉ. ભાવેશ પંડ્યા
શ્રી રાકેશ પટેલ
શ્રી મનન બુદ્ધદેવ
શ્રી હર્ષવી પટેલ

**સમીક્ષા**
ડૉ. સંતોષ દેવકર
શ્રી સંજ્ઞા આચાર્ય
શ્રી પ્રકાશ જોશી
શ્રી નિકેતા વ્યાસ
શ્રી પ્રિસ્કીલા ચૌહાણ

**ચિત્રાંકન**
શ્રી બિપિનભાઈ સથવારા
શ્રી જયદેવ જી. ધાંધિયા

**સંયોજન**
ડૉ. ક્રિષ્ના દવે
(વિષય-સંયોજક : અંગ્રેજી)

**નિર્માણ-સંયોજન**
શ્રી હરેન શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

ગુજરાત રાજ્યની તમામ શાળાઓમાં ધોરણ ૧થી ૮માં ગુજરાતી વિષય ફરજિયાત કરવાના સરકારશ્રીના નિર્ણયને અનુલક્ષીને ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર **ધોરણ ૩, ગુજરાતી (દ્વિતીય ભાષા)**નું પાઠ્યપુસ્તક આપની સમક્ષ મૂકતાં આનંદ વ્યક્ત કરે છે.

આ વખતે સૌપ્રથમ વાર તૈયાર કરવામાં આવેલ ધોરણ ૩ ગુજરાતી (દ્વિતીય ભાષા)ના પાઠ્યપુસ્તકમાં GCERT, ગાંધીનગર તથા તેમના દ્વારા સૂચિત નિષ્ણાતોનો પૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો છે. તજ્જ્ઞો દ્વારા આ પુસ્તકનું લેખન તથા પરામર્શન-કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. આ પુસ્તકના રાજ્યવ્યાપી અમલ પૂર્વે પુસ્તકની સમગ્રલક્ષી ચકાસણી કરવામાં આવી છે અને સૂચિત સુધારાઓને આમેજ કરી પુસ્તકને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને ગુણવત્તાયુક્ત, બાળભોગ્ય, રસપ્રદ અને રચનાત્મક બનાવવામાં પૂરતી જહેમત ઉઠાવવામાં આવી છે. આ પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ અધ્યયનસામગ્રીનું પ્રદાન કરનાર સૌનો મંડળ આભાર વ્યક્ત કરે છે. ગુજરાતની શાળામાં અભ્યાસ કરતો દરેક વિદ્યાર્થી ગુજરાતી ભાષા પ્રત્યે અભિમુખ બને તે અપેક્ષિત છે. આ પાઠ્યપુસ્તક સંદર્ભે આપનાં સૂચનો આવકાર્ય છે.

**પી. ભારતી (IAS)**
નિયામક
તા.: ૩૧-૦૧-૨૦૨૦

કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯, પુનઃમુદ્રણ : ૨૦૨૦**

**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી પી. ભારતી, નિયામક

**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે : *

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-(ક)

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | નાક-કાન વગર ગા | ૧ |
| ૨. | નારાજ વનરાજ | ૧૧ |
| ૩. | મકાન વગરના વાનર | ૨૪ |
| ૪. | લાલજીને ખાઈ ગઈ બાજરી | ૩૬ |
| ૫. | તીખું તમતમતું ગીત | ૪૯ |
| ૬. | મરઘી બનો, મજા કરો | ૬૦ |
| ૭. | મિયાઉં...મિયાઉં, અહીં આવ | ૭૪ |


## આ પાઠ્યપુસ્તક વિશે...

ગુજરાતી ભાષા સાથે થોડી વધુ મૈત્રી કેળવીને બાળકો ફરીથી તમારા વર્ગમાં આવી ગયાં હશે એટલે તમને ભાષા-અધ્યાપનમાં આગળ વધવામાં સરળતા રહેશે. આ નવું પાઠ્યપુસ્તક "મયૂર" તમને અને બાળકોને સક્રિયતા તથા મજા-મસ્તીના સંયોજનથી થનગનતા કરવા માટે તત્પર છે.

### આટલું કરો

- પ્રત્યેક વર્ગ શરૂ કરતા પહેલાં વ્યક્તિ તરીકે બાળકો સાથે અનૌપચારિક વાતો કરો.
- પાઠ/કાવ્યમાં આવતા પાત્રો-પ્રસંગો-સંવેદનાઓ-વિચારો અવલોકનોમાં તમારા અને બાળકોના અનુભવો પણ અવશ્ય જોડો.
- પુસ્તકનું વિષયવસ્તુ તો ભાષાની અભિવ્યક્તિ માટે ટેકારૂપ સામગ્રી છે. તેને સ્મૃતિબોજ નહિ ભાષામોજ બનાવો.
- પુસ્તકમાં આપેલી પ્રવૃત્તિઓ ઓછામાં ઓછી એકવાર તો કરાવો જ. બાળકોને ગમી ગયેલી પ્રવૃત્તિઓ વારંવાર કરાવો.
- પુસ્તકમાં આપેલા પાન-નંબરના અંકોની બંને બાજુએ તે અંકો તેમની પાસે લખાવો.
- મૂળાક્ષર લેખનમાં બાળકો ઉદાહરણ મુજબ લેખન કરતાં થાય તે માટે પ્રોત્સાહિત કરો.
- શબ્દભંડોળ વધે તે માટે પુસ્તકના, પુસ્તક બહારના શબ્દો વારંવાર સંભળાવો.

### આટલું ન કરો

- બાળકોના મિત્ર બનો, ફિલોસોફર અને ગાઈડ નહિ.
- બાળકોને ડરાવી-ધમકાવી, કડક શિસ્તમાં રાખીને શીખવશો નહિ. આવા સંજોગોમાં તેઓની શીખવાની ક્ષમતા બંધ થઈ જાય છે.
- એકધારું વાંચવા-બોલવાનું ન રાખો.
- ચિત્રકામની અવગણના કરશો નહિ. પુસ્તકમાં જ્યાં રેખાચિત્રો છે તેમાં બાળકોને રંગ પૂરતાં ટોકશો નહિ.
- વર્ગના થોડાક હોશિયાર વિદ્યાર્થીઓ ઉત્તર આપે કે પ્રવૃત્તિ કરી લે એટલે બધાને આવડી ગયું છે એવું ના માનશો.
- અક્ષર ઘૂંટાવશો નહિ કે એક જ શબ્દ વારંવાર લખાવશો નહિ. પાઠમાં/કાવ્યમાં આવતા બધા જ શબ્દો બાળકને અર્થ સહિત શીખવવાના હોતા નથી.
- બાળકોની ક્ષમતા-આવડત વિશે જાહેરમાં નિર્ણયો (આ તો નબળો/ઠોઠ છે કે હોશિયાર છે) વ્યક્ત ન કરશો.

**માતૃભાષા શીખવાના સંરચનાવાદી અને અસરકારક અભિગમથી તૈયાર થયેલું આ રૂપકડું પુસ્તક આપના હાથમાં મૂકતા આનંદ અનુભવી છીએ.**

# ૧ નાક-કાન વગર ગા


## ૧. ચાલો, ગાઈએ ગીતડું :

નાનકડું એક પતંગિયું ભાઈ વેરી ગુડ
ફરરર ફરરર ઊડતું રે કાંઈ વેરી વેરી ગુડ
બારીમાંથી સરરર આવ્યું વેરી ગુડ
ચક્કર ચારે તરફ લગાવ્યું વેરી ગુડ
ટેબલ ઉપર સરરર બેઠું વેરી ગુડ
દફતર ઉપર સરરર બેઠું વેરી ગુડ
મારા ખભે ટપુક દઈને વેરી ગુડ
બેઠું ડાહ્યુંડમરું થઈને વેરી ગુડ

- રમેશ પારેખ

## ૨. લખો :

- દર્શાવ્યા મુજબ બાજુના ચિત્રના ત્રણે ભાગને તેમાં છાપેલા મૂળાક્ષર લખીને ભરી દેવાનું કહો.



## ૩. વાર્તા :



એક જોકર. ઝૂમરુ એનું નામ. એક દિવસ ઝૂમરુ શાળામાં ગયો. બધાં પોતપોતાની જગ્યાએ ગોઠવાતાં હતાં. બધાંની નજર સામે જ હતી. ત્યાં જ ફુદરડી ફરતો ફરતો ઝૂમરુ જોકર આવ્યો. ઝૂમરુએ આવીને ગીત ગાવાનું શરૂ કર્યું :

**'અમ્મન ચમ્મન ગુડ કે લડ્ડુ**
**લડ્ડુ મેં સે ઘી નિકાલું...'**

આવું ગાતાં ગાતાં ઝૂમરુ આંખો મોટી કરી સૌની સામે જોઈને અટક્યો. બધાંને નવાઈ લાગી. ઝૂમરુ કેમ ગાતો નથી ? ત્યાં તો ઝૂમરુએ ફરી ગાયું :

'અમ્મન ચમ્મન ગુડ કે લડ્ડુ, લડ્ડુ મેં સે ઘી નિકાલું...' એણે જોનારા સહુને સાથે ગાવા ઈશારો કર્યો. સૌએ એક વખત સાથે ગાયું. પછી ઝૂમરુ આસપાસ જોવા લાગ્યો. ઠુમકા મારીને એ એક છોકરા પાસે જઈને ઊભો રહ્યો. ત્યાં ઊભા રહીને એણે ગીત ગાયું :



**'અમ્મન ચમ્મન ગુડ કે લડ્ડુ**
**લડ્ડુ મેં સે ઘી નિકાલું...**
**પીપલ પર હૈ એક હી પાન**
**ફટ્ટ સે પકડો મેરા કાન'**

એટલું ગાઈ ઝૂમરુએ છોકરાને કાન પકડી ખેંચવા ઈશારો કર્યો. જેવો છોકરાએ કાન પકડીને ખેંચ્યો કે તરત ઝૂમરુનો

મોટો કાન છોકરાના હાથમાં આવી ગયો. ઝૂમરુ મોટેથી હસવા લાગ્યો. આ જોઈ સામે બેઠેલા સૌ હસી પડ્યા.

ફરીથી ઝૂમરુ ચાલતો ચાલતો આગળ ગયો. એક નાની છોકરી ઊભી હતી. ઝૂમરુ એની પાસે જઈને બેસી ગયો ને ગીત ગાયું :




**'અમ્મન ચમ્મન ગુડ કે લડ્ડુ,**
**લડ્ડુ મેં સે ઘી નિકાલું...**
**તુમ તો લગતી હો ચાલાક,**
**ઝટ્ટ સે પકડો મેરી નાક...'**

ગીત પૂરું થયું કે તરત જ એ છોકરીએ નાક પકડીને ખેંચી લીધું. જેવું નાક ખેંચાયું, ઝૂમરુ જોકરે 'ઓય બાપ રે...' એવી રાડ પાડી. ઝૂમરુનું નાક નીકળી ગયું. તે રાડ પાડતો હતો. જોનાર સૌ હસતાં હતાં. ઝૂમરુ પોતાની હથેળી નાક ઉપર રાખી આખા મેદાનમાં ફરવા લાગ્યો. સાથે સાથે એ ગીત ગાતો હતો. સૌને એકસાથે ગાવા માટે ઈશારા પણ કરતો હતો. એક જગ્યાએ અટકી તેણે ગાયું :

**'અમ્મન ચમ્મન ગુડ કે લડ્ડુ,**
**લડ્ડુ મેં સે ઘી નિકાલું...**
**આગે - પીછે કુછ મત પૂછ,**
**બસ, પકડ લે મેરી મૂછ'**

એક નાની છોકરીએ ડરતાં - ડરતાં મૂછો પકડી. થોડી ખેંચી ને મૂછો તો એના હાથમાં જ આવી ગઈ. 'એ.. એ.. મૂછો ગઈ... મૂછો ગઈ...' બૂમો પાડી બધાં હસ્યાં.





ઝૂમરુ આગળ ગયો. અહીં એક ટીચર બેઠાં હતાં. ઝૂમરુએ જોરથી ગાયું :

**'અમ્મન ચમ્મન ગુડ કે લડ્ડુ**
**લડ્ડુ મેં સે ઘી નિકાલું...**
**બાદ મેં દેખો મેરા હાલ,**
**જોર સે પકડો મેરે બાલ...'**

ટીચરે ઝૂમરુના વાળ પકડી લીધા. જોકરના માથા પર તો હવે એકેય વાળ ન હતો. સૌને આ ખેલ જોવાની મજા આવી. બધાંએ ગાયું :



**'અમ્મન ચમ્મન ગુડ કે લડ્ડુ,**
**લડ્ડુ મેં સે ઘી નિકાલું...'**
**નાચો, ઝૂમો, ગાના ગાઓ**
**નાચો ઝૂમો ગાનાગાઓ,**
**'ટકલે પે તબલા બજાઓ.'**

ઝૂમરુ માથા પર હાથ વડે તબલાં વગાડી નાચવા લાગ્યો. બધાં પેટ પકડી ખૂબ હસ્યાં.

- જોકરે ગાયેલી બધી પંક્તિઓ સમૂહમાં વારાફરતી બે-બે વાર ગવડાવો.

## ૪. વાતચીત :

૧. ઝૂમરુનું કયું ગીત તમને વધારે ગમ્યું ?
૨. ઝૂમરુનું નાક કોણે ખેંચ્યું ?
૩. કાન પછી ઝૂમરુએ શું પકડાવ્યું ?
૪. વાળ પકડાવતી વખતે ઝૂમરુએ શું ગાયું ?

૫. જોકરે અમ્મનચમ્મન ગીત કેટલી વખત ગાયું ?

૬. આ જોકરનાં બીજાં નામ પાડો.

૭. ઝૂમરુનાં કયાં અંગો નકલી હતાં ?

- **ચાલો, ગાઈએ ગીતડું :** નાનકડું એક પતંગિયું ભાઈ વેરી ગુડ

## ૫. ઓળખો :

- ઉદાહરણ મુજબ દરેક વાક્યમાંથી જે-તે મૂળાક્ષરની ઓળખ કરાવી ◯ કરાવો.

| | | | |
|---|---|---|---|
| જ | ઝૂમરુ જલદી જાય છે. | વ | એનું કામ ગાવાનું વગાડવાનું નાચવાનું હસાવવાનું. |
| ક | ઝૂમરુનું નાક કેવું મજાનું ! | ન | નગરનું નામ જોકર નગર. |
| ગ | જોકર ગીત ગા. | મ | ઝૂમરુની મૂછો એકદમ મજાની. |
| છ | જોકર છમછમ નાચે છે. | ર | જોકરનગરમાં છોકરાં ઝૂમરુને જોવા હાજર છે. |
| બ | ઝૂમરુ બહેન પાસે બેઠો. | સ | ઝૂમરુ, આસપાસ નજર કરી સરકી જા. |
| દ | ઝૂમરુ દડબડ દડબડ દોડે છે. | અ | આ જોકરને જોવા અનેક છોકરાં આવે. |

## ૬. શોધો, વાંચો અને લખો :

- વિદ્યાર્થીઓને સૌ પ્રથમ ઉદાહરણ મુજબ પ, ડ, ત, ણ પર × મારવા કહો. ત્યારબાદ બાકી રહેલા અક્ષરોમાંથી બનતા આડા-ઊભા-ત્રાંસા શબ્દો શોધી કેટલાક શબ્દો આપેલાં ખાનામાં લખવા કહો.

પ પ પ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કા | બ | ર | પ | વે | પ | વ | ર | સા | દ |
| સે | પ | ડ | ડ | દ | ડ | ડ | ત | ત | ત |
| ણ | વ | ણ | કા | મ | પ | અ | જ | ગ | ર |
| ણ | મ | ગા | ન | કા | પ | વા | ડ | ડ | ડ |
| ણ | ગ | ર | મ | ત | પ | જ | ડ | ગા | મ |
| સા | ર | સ | ત | અ | ત | ત | વા | ણ | એ |
| બ | ડ | ડ | ડ | ના | આ | કા | ર | ણ | ક |
| ર | ડ | બ | હે | ન | પ | પ | પ | ણ | ણ |
| ડ | રા | સ | ત | સ | મે | ડ | ડ | આ | પ |
| ડ | જા | ત | ત | ના | ના | ડ | પ | પ | ગ |

કાબર


## ૭. મોટેથી વાંચો :

- વિદ્યાર્થી પાસે મોટેથી વંચાવવું. વ્યક્તિગત વંચાવો અને સમૂહમાં પણ વંચાવો.

આ સરકસ છે.

આ અજબગજબ સરકસ છે.

મારા કાકા સરકસમાં કામ કરે છે.

કાકા  માગે છે.

નમન સરકસમાં  છે.

સરકસમાં વાનર અને અજગર છે.

સરકસમાં મજા જ મજા.

૬ ૬ ૬

## ૮. ગીત ગાઓ :

- ગીતમાં જ્યાં 'જગ્ગુ' લખ્યું છે ત્યાં વિદ્યાર્થીને પોતાનું નામ બોલી ગીત ગાવા કહો.

હું સરકસનો જોકર, જગ્ગુ મારું નામ,
રડતાંને હસાવું હું તો, એ જ મારું કામ...
ઝૂલા ઉપર ખેલ બતાવું,
ગુલાંટ મારી નીચે આવું... હું સરકસનો જોકર, જગ્ગુ મારું નામ.
ઊલટો બેસી સાઈકલ ચલાવું,
ઊભો થઈને ઘોડો દોડાવું... હું સરકસનો જોકર, જગ્ગુ મારું નામ.
ઇંગ્લિશ ગાઈ ડાન્સ કરું હું,
હલો - 'કસા કાય ?' નમસ્તે કરું હું ... હું સરકસનો જોકર, જગ્ગુ મારું નામ.

**- સલામત**

## ૯. વાતચીત :

૧. જગ્ગુ જોકરનો કયો ખેલ તમને સૌથી વધારે ગમ્યો ?
૨. તમે જોકર હો તો કયો ખેલ કરો ?
૩. તમે સરકસ જોયું હોય તો તેમાં જોયેલા ખેલ વિશે કહો.
૪. (વિદ્યાર્થીઓને સરકસનો વીડિયો મોબાઇલ / LCD પર બતાવો.) આ વીડિયોમાં તમે શું શું જોયું તે કહો.
૫. વીડિયોમાં તમને સૌથી વધારે શું ગમ્યું ?

## ૧૦. રમત :


- વિદ્યાર્થીઓને ઊલટા પગે દોડાવીને પકડદાવની રમત રમાડો.

## ૧૧. વાતચીત :


૧. તમને રમવાની મજા પડી ?

૨. તમને સૌથી વધારે મજા ક્યારે પડી ?

## ૧૨. જોડીને લખો :





કામ




રવ

## ૧૩. લખો :

- ચિત્રના આધારે વાક્ય લખવા કહો.

| | |
|---|---|
|  | આ સાગર છે. |
|  | આ |
|  | |
|  | |
|  | |
|  | |
|  | |

## ૧૪. રમત : કક્કા જાસૂસ

ઝૂમરુ જોકરની વાર્તામાં કોઠામાં નીચે આપેલા અક્ષર કેટલી વખત આવે છે તે ગણીને લખવા કહો. આ અક્ષર સાથે જુદી જુદી માત્રાઓ હોય તોપણ તેની ગણતરી કરવી તે ખાસ કહો. સરવાળો કરી મળતા જવાબની સરખામણી કરાવો. જેણે વધારે અક્ષર ગણ્યા હોય તે વિજેતા ગણાય.

| અક્ષર | ન | મ | ગ | જ | સરવાળો |
|---|---|---|---|---|---|
| કેટલા ? | | | | | |

- **ચાલો, ગાઈએ ગીતડું :** નાનકડું એક પતંગિયું ભાઈ વેરી ગુડ

૧૦ ૧૦ ૧૦

# ૨ નારાજ વનરાજ

## ૧. ચાલો, ગાઈએ ગીતડું :

● પપ્પાનું ઘૂ...ઘૂ...ઘૂ... ખિજાતા હોય એવું અને મમ્મીનું ઘૂ...ઘૂ...ઘૂ... વહાલભર્યું હોય તેમ ગીત ગવડાવો.

એક કબૂતર નાનું,
એને બહુ ગમે ઊડવાનું
એ તો ઊડ્યું છાનુંમાનું,
તો કબૂતરના પપ્પા બોલ્યા : ઘૂ... ઘૂ... ઘૂ...
    કબૂતર તો રોતું,
    એ તો મમ્મી સામે જોતું;
    તો કબૂતરનાં મમ્મી બોલ્યાં : ઘૂ... ઘૂ... ઘૂ...

**- રમેશ પારેખ**



૧૧ ૧૧ ૧૧

## ૨. શોધો અને જોડો :


- વિદ્યાર્થીઓને કહો કે પ્રાણીઓને તેમના રહેઠાણ સાથે જોડીને તેમને ગમતાં બે પ્રાણીઓ વિશે બે વાક્ય બોલે.



ગાય




બકરી




ગાય



બકરી




ઘોડો



ઘેટું



કૂતરો



ઘેટું



વાંદરો



ઘોડો



વાંદરો




કૂતરો




ગધેડો



ભેંશ



ભૂંડ



માછલી



ભેંશ



ગધેડો



માછલી




ભૂંડ


## ૩. વાર્તા :

### ગુફા ઓ ગુફા

એક હતો સિંહ. જીમી એનું નામ. એક દિવસ તેને ભૂખ લાગી પણ કંઈ ખાવા મળ્યું નહીં.

તે ખાવાનું શોધતો હતો. ત્યાં જ તેણે એક ગુફા જોઈ. તેને મનમાં થયું, ''આ કોઈક પ્રાણીનું ઘર લાગે છે.'' તે ખુશ થયો અને ધીમે ધીમે ગુફાની અંદર ગયો. પણ તેને કંઈ જ મળ્યું નહીં. છેવટે તેણે વિચાર્યું, ''હમમ... કંઈ વાંધો નહીં. રાત પડશે એટલે આ ગુફામાં રહેતું પ્રાણી તો અહીં આવશે જ. એ જેવું આવશે કે તરત જ હું તેને ખાઈ જઈશ.''





સાંજ પડી. ડીપુ શિયાળ ત્યાં આવ્યું. તેણે ગુફા તરફ જતાં પગલાં જોયાં ને એકદમ ઊભું રહી ગયું. ''હમમ... કોઈ પ્રાણી મારા ઘરમાં  ગયું લાગે છે અને બહાર નીકળવાના પગલાં તો દેખાતાં નથી. અચ્છા, તો કોઈ છે, પણ મને ખબર છે કે હવે શું કરવું !''

તે ગુફા તરફ જોઈ મીઠા અવાજે બોલ્યું, ''ગુફા ઓ ગુફા ! ઓ મારી વહાલી ગુફા ! હું આવી ગયો છું.''

થોડીવાર પછી તે બોલ્યું, ''ઓ વહાલી ગુફા તું આજે રિસાઈ ગઈ છે કે શું ? રોજ તો તું મને કહે છે : 'ગુડ ઈવનિંગ ડીપુ, વેલકમ'. પણ આજે બોલતી કેમ નથી ?''

અંદર સિંહને થયું, ''આજે આ ગુફા મારા ડરથી બોલતી નથી પણ હું ગુફા બની 'વેલકમ' કહું અને પછી શિયાળને ખાઉં.''

આમ, વિચારી સિંહ સરસ અવાજમાં બોલ્યો, ''ગુડ ઈવનિંગ ડિઅર ડીપુ, વેલકમ.''

આ સાંભળી ડીપુએ બે કાન ઊંચા કરી વિચાર કર્યો. પછી ડીપુ દબાતા પગલે ત્યાંથી ચાલ્યું ગયું.

## ૪. વાતચીત :

- સિંહ અને શિયાળની જેમ બોલવાનો અને શિયાળની જેમ ચાલ્યા જવાનો અભિનય કરો.
- વાર્તાના વિવિધ સંવાદ વિદ્યાર્થી પાસે અભિનય સાથે બોલાવવા.

## ૫. રમત :


- અવાજ ઓળખવાની રમત રમાડો.
- એક વિદ્યાર્થીને દીવાલ તરફ મોં રાખીને ઊભા રહેવા કહો. બેઠેલ વિદ્યાર્થીઓમાંથી કોઈ એકને 'ગુડ ઇવનિંગ, વેલકમ' એ શબ્દો અવાજ બદલીને બોલવા કહો.
- ઊભો રહેલ વિદ્યાર્થી આ કોણ બોલ્યું તે શોધી કાઢશે. તે વધુમાં વધુ ત્રણ અટકળ કરી શકશે. જ્યાં સુધી એ સાચો જવાબ ન આપે ત્યાં સુધી તેનો દાવ રહેશે. જો એ ઓળખી જાય તો જેનો અવાજ ઓળખાયો હોય તેનો દાવ આવશે.

## ૬. વાંચો અને લખો :

- રાત પડી ગઈ છે.
- તેને નવાઈ લાગી.
- તે દબાતે પગલે ચાલે છે.
- આ પગની છાપ છે.
- જીભી વનરાજા છે.
- તેની મને જાણ છે.

- **ચાલો, ગાઈએ ગીતડું :** એક કબૂતર નાનું

## ૭. ત્રણ વખત આંગળી ફેરવો.



## ૮. જુઓ અને લખો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| | પ | પ | | | પ |
| | | | | | |
| | ડ | ડ | | | ડ |
| | | | | | |
| | ત | ત | | | ત |
| | | | | | |
| | | ણ | ણ | | ણ |
| | | | | | |
| | ઇ | ઇ | | | ઇ |
| | | | | | |
| | ઈ | ઈ | | | ઈ |

## ૯. વાંચો, બોલો અને લખો :

| | | |
|---|---|---|
| પડ - | રમણ - | સગાઈ - |
| ગણ - | બારસ - | ઈનામ - |
| માતા - | વાવડ - | ઈમાન - |
| ઈસ - | પારસ - | કીડી - |
| તીર - | પાપડ - | બકરી - |

આરવ આવ.

અમીના પાણી પી.

માઈકલ ગીત ગા.

## ૧૦. સાંભળો અને લખો.

- અહીં બીજા શબ્દો વિદ્યાર્થીઓને લખાવો. માત્ર શીખેલા મૂળાક્ષરોનો ઉપયોગ કરો.

● અહીં નવાં વાક્યો લખાવો. માત્ર શીખેલા મૂળાક્ષરોનો ઉપયોગ કરવો.

૧.

૨.

૩.

૪.

૫.

● **ચાલો, ગાઈએ ગીતડું : એક કબૂતર નાનું**

## ૧૧. ચિત્રમાં શું દેખાય છે તે કહો :



૧૮ ૧૮ ૧૮

## ૧૨. વાંચો :

એકવાર સિમરન નામની બકરી વડનગરમાં આવે છે. તેના કાન વડનાં પાન જેવા છે. તે વડ નીચે જમે છે. તે પાનના વાડકામાં પાણી પીએ છે. સાગના પાનમાં પાપડ, દાડમ, બદામ અને કાકડી છે. સિમરનને જમવાની મજા આવે છે. એકાએક અવાજ આવે છે. સિમરન આમતેમ નજર કરે છે. બાપ રે ! સાપ ! વડવાઈ પર સાપ !


તે ન ડરી. તે સાપને કાતર બતાવે છે. સાપને ડર લાગે છે. તે સરરરર ભાગે છે.

## ૧૩. લખો :

ઉપરના ફકરાનું અનુલેખન કરાવો. તેમાં પ, ડ, ત, ણ, ઇ, ઈ ને ઘાટા લખવા કહો.

એકવાર

## ૧૪. ગીત ગાઈએ :



એક ચકલો ને ચકલી આવે... (૨)
કરવાને ઘરમાં માળો... (૨)
ચકચક કરતાં... ફરરર ફરતાં... (૨)
પજવે આખો દહાડો.
એક ચકલો ને...
ઘાસ તણખલાં લાવે ક્યાંથી, ક્યાંથી લાવે રૂ... (૨)
વાળી-વાળી થાકું હું તો... (૨)
કહો પછી શું કરું... (૨)
એક ચકલો ને...

મમ્મી કહે એને મારો, પપ્પા કહે એને કાઢો... (૨)
ચરકી... ચરકી ઘર આખામાં... (૨)
કરતાં ઘણો બગાડો... (૨)
એક ચકલો ને...
કાઢી મૂકું ચકલાને તો ચકલી રોઈ પડશે... (૨)
પાંખ વિનાનાં બચ્ચાં નાનાં - કહો પછી શું કરશે ?
એક ચકલો ને...



એક ચકલોને ચકલી આવે (૨)
કરવાને ઘરમાં માળો (૨)
ચક ચક કરતાં ફરરર ફરતાં -
હવે ગજવે આખો દહાડો...
એક ચકલો ને...

## ૧૫. વાતચીત :

- તમારા ઘરની આસપાસ કયાં કયાં પક્ષી આવે છે ?
- તમને કયું પક્ષી સૌથી વધારે ગમે છે ?
- માળો બનાવવા ચકલો-ચકલી શું શું લાવે છે ?
- ચકલા-ચકલીને કાઢવાનું કોણ કહે છે ?
- શું થાય તો ચકલી રોઈ પડશે ?
- તમને કયા પક્ષીનો અવાજ આવડે છે ? કાઢી બતાવો.
- કોઈ આપણને કાઢી મૂકે તો આપણને શું થાય ?

## ૧૬. સમજો અને લખો :

● ઉદાહરણ મુજબ શબ્દો લખાવો.

| | | | |
|---|---|---|---|
| ચકલો | | ગધેડો | |
| કાગડો | કાગડો | કૂતરો | |
| બકરો | | છોકરો | |


## ૧૭. દોરો અને લખો :

દરેક ચિત્રમાં એક અંગ ઓછું દોર્યું છે તે પૂરું કરવા કહો. ત્યાર બાદ આ પ્રાણી કે પક્ષી ઘરમાં, ગામમાં કે બીજે ક્યાંય જોયું હોય તે કહી સૂચના મુજબ નિશાની દોરવા કહો. ઘરે જોયું હોય તો ⌂ ગામમાં જોયું હોય તો □ બીજે જોયું તો △ કરવા કહો.



△















## ૧૮. રમત : કક્કા જાસૂસ

'ગુફા ઓ ગુફા' વાર્તામાં નીચે આપેલા અક્ષર કેટલી વખત આવે છે તે ગણીને લખવા કહો. આ અક્ષર સાથે જુદી જુદી માત્રાઓ હોય તો પણ તે અક્ષરની ગણતરી કરવી તે ખાસ કહો. સરવાળો કરી મળતા જવાબની સરખામણી કરાવો. જેણે વધારે અક્ષર ગણ્યા હોય તે વિજેતા ગણાય.

| **અક્ષર** | બ | અ | દ | છ | **સરવાળો** |
|---|---|---|---|---|---|
| **કેટલા ?** | | | | | |

આ ઉપરાંત તમારા વિદ્યાર્થીઓને ન, મ, ગ, જ, વ, ર, સ, દ, ક, બ, અ, છ પૈકી જે મૂળાક્ષરોના વાચનમાં મુશ્કેલી અનુભવાતી હોય તે મૂળાક્ષરો વડે કક્કા જાસૂસ રમાડો.

| **અક્ષર** | | | | | **સરવાળો** |
|---|---|---|---|---|---|
| **કેટલા ?** | | | | | |

## ૧૯. ખડખડાટ :

આ રમૂજ તમે વિદ્યાર્થીઓ ખડખડાટ હસી પડે એવી મજાથી કહો. ત્યારબાદ વિદ્યાર્થીઓને નાટકીય રીતે તેની ભજવણી કરવા કહો. આવા અન્ય ટૂચકાઓ કહો.

પપ્પાની ગેરહાજરીમાં નાનો દીકરો દુકાને બેઠો હતો. ત્યાં એક માણસ દોડતો દોડતો આવ્યો.



માણસ કહે, ''જલદી મને ઉંદર પકડવાનું એક પાંજરું આપી દે. જલદી કરજે, મારે બસ પકડવી છે.'

નાનો દીકરો બોલ્યો, 'સૉરી અંકલ, બસ પકડાય એવડું મોટું પાંજરું અમે રાખતા નથી.'

- **ચાલો, ગાઈએ ગીતડું : એક કબૂતર નાનું**

# ૩ મકાન વગરના વાનર

## ૧. ચાલો, ગાઈએ ગીતડું :

વરસાદ આવે રમઝમ
વાદળાં ગાજે ધમધમ
વીજળી ચમકે ચમચમ
ધરતી લીલી છમછમ
ઢોલ વગાડો ઢમઢમ
ગાઓ, નાચો છમછમ

## ૨. જોડો :

- બાળકો પાસે સરખી ઋતુઓનાં ચિત્રોની જોડ બનાવડાવો.








## ૩. વાતચીત :

નીચે જેવા પ્રશ્નો પૂછો. વિદ્યાર્થીઓ પોતાની માતૃભાષામાં જવાબ આપે તે સ્વીકારવા.

૧. વરસાદ પડે તે ઋતુને કઈ ઋતુ કહેવાય ?

૨. કઈ ઋતુમાં ઠંડી લાગે ?

૩. કઈ ઋતુમાં ગરમી લાગે ?

૪. ટાઢ, ગરમી અને વરસાદથી બચવા શું શું કરી શકાય ? નવા નવા ઉપાયો બતાવો.

૫. માછલી વરસાદથી બચવા શું કરતી હશે ?

## ૪. વાર્તા :

### વાંદરાભાઈનું ઘર

એક હતા વાંદરાભાઈ.

ખટખટ એનું નામ.

એને ઝાડે ઝાડે ફરવું ગમે ને છાપરાં ઉપર કૂદવું ગમે. બારેમાસ એક ઝાડથી બીજા ઝાડ પર ફરતો રહે. હૂપાહૂપ કરતો રહે.

શિયાળો શરૂ થયો. ધીમે ધીમે ઠંડી વધવા માંડી. ખટખટને ઠંડી લાગે એટલે એ એક ડાળથી બીજી ડાળે ફરતો જાય, એક છાપરા પરથી બીજા છાપરા પર કૂદતો જાય ને ઠંડી ભગાડતો જાય.

ખટખટે એક ઘર પાસે અચરજ જોયું !



થોડા માણસો ભેગા થઈ લાકડાં સળગાવી લાલ લાલ વસ્તુ પાસે હાથ રાખતા હતા ને ગાલ પર મૂકતા હતા. ‘‘આહા ! મળી ગઈ ઠંડી ભગાડવાની રીત !’’ ખટખટે કૂદકા માર્યા. તેણે ખેતરોમાં ફરી ફરીને લાલ મરચાં ભેગાં કર્યાં. ઝાડ નીચે ઢગલો કર્યો. હૂપાહૂપ કરી દોસ્તોને બોલાવ્યા. બધા ભેગા

મળી ઠંડી ભગાડવા બેઠા.

ખટખટ કહે, ''આહાહાહા...! ઠંડી ભાગી રહી છે.''

બધા ધ્રૂજતા ધ્રૂજતા બોલવા લાગ્યા : હા, ભાગી રહી છે.

ઝાડ પરના લાંબા માળામાં ઝૂલતી ચટપટ સુઘરી આ જોઈ રહી હતી. ''બિચારા વાંદરાભાઈ ઠંડીથી કેવા થથરે છે ! ઠંડીથી બચવા હું તેમને મારા માળામાંય બોલાવી શકતી નથી.''

ખટખટે તો ચટપટ સુઘરીને બોલાવી, ''આવ... આવ... ચટપટ, તાપવા આવ...''

ચટપટ કહે, ''ના, ના... સૉરી હોં ખટખટ. હું તો મારા માળામાં છું. મને મારા આ ઘરમાં જરાય ઠંડી ન લાગે.''

ખટખટ કહે, ''એવું તે કંઈ હોય ? આટલી બધી ઠંડી છે ને !''

સુઘરી કહે, ''પણ ઘર હોય તો ઓછી ઠંડી લાગે. હું તો કહું છું કે તમેય તમારું ઘર બનાવી લો ને ! ઉનાળામાં ગરમી ઓછી લાગશે ને ચોમાસામાં વરસાદથી ય બચી શકાશે.''

ખટખટને થયું, આ નાનકી સુઘરી મને સલાહ આપવા નીકળી છે !

થોડીવાર પછી બધા સાથે હૂપાહૂપ કરી એક ઝાડથી બીજા ઝાડ પર ફરવા લાગ્યા ને ગાવા લાગ્યા :


**ડાળે ડાળે કૂદીએ છીએ**
**ઝાડે ઝાડે ફરીએ છીએ**
**ઠંડીથી ક્યાં ડરીએ છીએ**
**હૂપ હૂપાહૂપ હૂપ... હૂપ હૂપાહૂપ હૂપ...(૨)**

પછી આવ્યો ઉનાળો. આકાશમાંથી જાણે આગ વરસી રહી હતી. ખટખટ અને એના દોસ્તો પરસેવાથી રેબઝેબ. સૌ પોતપોતાની પૂંછડીઓથી પવન નાંખવા લાગ્યા.

સુઘરીબાઈએ માળામાંથી ઝૂલતાં ઝૂલતાં બૂમ પાડી, ''ખટખટ એય ખટખટ... તારે ઘર નથી બનાવવું ?''

ખટખટ તો બીજી ડાળે ઠેકડો મારી ગીત ગાતો ગાતો ગયો :

**ઝાડને છાંયે રહીએ છીએ**
**પૂંછડે પવન ખાઈએ છીએ**
**ગરમીથી ક્યાં ડરીએ છીએ ?**
**હૂપ હૂપાહૂપ હૂપ... હૂપ હૂપાહૂપ હૂપ... (૨)**



ચટપટ સુઘરી તો પોતાના માળામાં ઝૂલતી રહી ને ખટખટ વાંદરાની ચિંતા કરતી રહી.

ચોમાસું આવ્યું. આકાશમાંથી વરસાદ તૂટી પડ્યો. કડડડધૂમ... ગડડડધૂમ... વીજળીના કડાકા ભડાકા ને વાદળોનો ગડગડાટ... બધાં ઝાડ પાણીથી તરબોળ. બધે જ જળબંબાકાર જળબંબાકાર... ખટખટ ને તેના દોસ્તો ભીંજાઈ ગયા. માથે, મોઢે, પીઠે, પૂંછડે... પાણી જ પાણી... ઠંડીય ખૂબ લાગી.

માળામાંથી સુઘરી ફરરફર કરતી આવી, તેણે જોયું કે બધા વાંદરા તેમની પૂંછડી ઊંચી કરી મિનારા જેવું બનાવીને બેઠા હતા ને ગાતા હતા :

**પૂંછમિનારમાં રહીએ છીએ**
**વરસાદથી ક્યાં ડરીએ છીએ**
**હૂપ હૂપાહૂપ હૂપ... હૂપ હૂપાહૂપ હૂપ...**
**હૂપ હૂપાહૂપ હૂપ... હૂપ હૂપાહૂપ હૂપ...**



પછી ત્યાંથી હૂપાહૂપ કરતા ભાગી ગયા.

વાંદરાઓએ ઘર ન બનાવ્યું તે ન જ બનાવ્યું. ને ચટપટ સુઘરીબાઈએ ચિંતાય છોડી દીધી.

## ૫. વાતચીત :

૧. વાંદરાનું નામ શું હતું ?
૨. વાંદરાની ચિંતા કોણ કરતું હતું ?
૩. ચટપટ સુઘરી વાંદરાની શી ચિંતા કરતી હતી ?

૪. ઘર વગર વાંદરાને કઈ કઈ મુશ્કેલી પડી ?
૫. ઠંડીથી બચવા શિયાળામાં વાંદરાઓએ શું કર્યું ?
૬. ગરમીથી બચવા ઉનાળામાં વાંદરાએ શું કર્યું ?
૭. ખટખટ અને તેના દોસ્તોના ચોમાસામાં શા હાલ થયા ?
૮. વાંદરાએ જે કર્યું તે બરાબર હતું ? તમે વાંદરાને શો ઉપાય બતાવશો ?
૯. 'આ નાનકી મને સલાહ આપવા નીકળી છે.' અહીં નાનકી એટલે કોણ ?
૧૦. તમને કઈ ઋતુ વધારે ગમે ? કેમ ?
૧૧. વાંદરાઓ વારે વારે શું બોલતા હતા ? તે વાંદરાઓની જેમ બોલો.

## ૬. અભિનય :

૧. તમે વાંદરાભાઈ છો : ઠંડી, ગરમી, વરસાદથી બચવા શું કરશો ?


૨. તમે સુઘરી છો : વાંદરાને શી સલાહ આપશો ?


## ૭. લખો :


નીચે આપેલ પશુ-પંખીઓ માટે કૌંસમાંથી મનગમતા નામ લખવા કહો.

(માઈરી, કબીરા, રીમી, જીમી, આબા, સિમરન, માણકી, ઈરિકા, આહેર, એરીબા, દડબડ, બકબક, મેનકા, સેજાન, કાદરસ)








## ૮. કહો આ શું છે ?

નીચેનાં ચિત્રો ઓળખાવો.



૧



૨



૩



૪



૫



૬



૭




૮

## ૯. લખો :

ચિત્રોની ઓળખ બાદ નીચેના નમૂના મુજબ તે માટેના અક્ષરો શોધીને પહેલા ખાનામાં લખાવો. બાકી રહેતા અક્ષરોથી બનતો શબ્દ બાજુના ખાનામાં લખાવો.

| | | | |
|---|---|---|---|
| ૧. | માખી | વ (મા) ર સા (ખી) દ | વરસાદ |
| ૨. | | ચ સા ક ર લી સ | |
| ૩. | | બિ મા લા સી ડી | |
| ૪. | | બા ટી ક ટ લી ડી | |
| ૫. | | પા મા ટ ણી લી | |
| ૬. | | ક ટ વ પા ર લી | |
| ૭. | | બ રા ખ જા ડી ર | |
| ૮. | | ખી દ્દી વા લી લ | |

## ૧૦. ત્રણવાર આંગળી ફેરવો :



## ૧૧. જુઓ અને લખો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | લ | લ | | લ |
| | | | | | |
| | ટ | | ટ | | ટ |
| | | | | | |
| | | ચ | ચ | | ચ |
| | | | | | |
| | | ખ | ખ | | ખ |
| | | | | | |
| અ | એ | ઐ | ઐ | | ઐ |
| | | | | | |


## ૧૨. જુઓ, વાંચો અને લખો :




પૈસા



સૈનિક



પપૈયું

## ૧૩. વાંચો અને લખો :

- જૈવિક કેરમ રમે છે.
- ઐરાવત પાણી પીએ છે.
- જૈમિનિએ રાખડી ખરીદી.
- આપણે દૈનિક ચાર લિટર પાણી પીએ છીએ.
- કૈરવીને સૈનિક તરીકે સારા એવા પૈસા મળે છે.

## ૧૪. ગાઓ :

સૂ સૂ સૂ સૂ વાયુ વાય
ઝબૂક ઝબૂક વીજળી થાય
દોડે વાદળ ચારે કોર
મે-આવ મે-આવ બોલે મોર
નભથી છાંટા પડતા જાય
ધરતી પાણી પાણી થાય
પંખી સૌ માળે સંતાય
બહાર બાળક ઊભાં નહાય

ધગધગતો ઉનાળો આવ્યો !
બળબળતો ઉનાળો આવ્યો !
ટાઢ ગઈ ને તડકો લાવ્યો !
આગનો જાણે ભડકો લાવ્યો !
લાંબા લાંબા દિવસો લાવ્યો
ટૂંકી ટૂંકી રાતો લાવ્યો !
તડબૂચ લાવ્યો, કેરી લાવ્યો
તડકે રમતી શેરી લાવ્યો !

ઠંડો વાય પવન સરસર
કંપે સૌ કોઈ થરથરથર
ખાટ્ટાં-મીઠાં બોરાં લાવ્યો
પતંગ-ફીરકી-દોરા લાવ્યો
બાબાભાઈની દાઢી કકડે
સૌ કોઈ બેસી જાય તડકે
સ્વેટર જૅકેટ શાલવાળો
આવ્યો આવ્યો આવ્યો શિયાળો

૩૩ ૩૩ ૩૩

## ૧૫. વાતચીત :

૧. વરસાદ આવે ત્યારે શું શું થાય ?

૨. વરસાદ આવે ત્યારે પંખી શું કરે ?

૩. વરસાદ આવે ત્યારે તમને શું કરવું ગમે ?

૪. ઉનાળામાં કયાં ફળો ખાવાની મજા પડે ?

૫. ઉનાળામાં તમને શું કરવું ખૂબ ગમે ?

૬. શિયાળામાં તમને શું કરવું ન ગમે ?

## ૧૬. રમત : કક્કા જાસૂસ

‘વાંદરાભાઈનું ઘર’ વાર્તામાંથી મૂળાક્ષર શોધાવી રમત રમાડો.

| અક્ષર | લ | ચ | ડ | ટ | સરવાળો |
|---|---|---|---|---|---|
| કેટલા ? | | | | | |

આ ઉપરાંત વિદ્યાર્થીઓને જાતે મૂળાક્ષરો પસંદ કરવા કહી આ રમત ફરીથી રમવા કહો.

| અક્ષર | | | | | સરવાળો |
|---|---|---|---|---|---|
| કેટલા ? | | | | | |

૩૪ ૩૪ ૩૪

## ૧૭. જુઓ અને ગોળ કરો :



શિ (ઉ) ચો




શિ ઉ ચો




શિ ઉ ચો



શિ ઉ (ચો)



શિ ઉ ચો



શિ ઉ ચો



શિ ઉ ચો







શિ ઉ ચો



(શિ) ઉ ચો




શિ ઉ ચો



શિ ઉ ચો



શિ ઉ ચો



શિ ઉ ચો

## ૪ લાલજીને ખાઈ ગઈ બાજરી

### ૧. ચાલો, ગાઈએ ગીતડું :

એન ઘેન દીવા ઘેન
આભમાં ઊડે સુપરમૅન
સાથે રમતા નિકી નરેન
બક અપ કરો ઢેન ટેડેન... !





લઈને દફતર પાટીપેન
સ્કૂલે આવ્યો સ્પાઈડરમૅન
ભણવા બેઠો છાપરે
છોકરાં બોલ્યાં “બાપ રે...!”

પીને આખું દૂધનું કેન
ઝાડ પર ચડ્યો ફેટમૅન
ઝાડ તૂટ્યું ટરરર...ટા
હસો છોકરા હા.. હા.. હા.. !



## ૨. જુઓ અને કહો :

- વિદ્યાર્થીઓને બે-બેની જોડીમાં ચિત્રનું વર્ણન કરવા કહો. તેમને પૂછો કે આ ચિત્રમાં શું શું જોઈને હસવું આવે છે ? ત્યારબાદ ચિત્રમાં એવા ફેરફાર કરવા કહો. જેનાથી વધુ હસવું આવે અને ફરી એ ફેરફાર સાથે ચિત્રવર્ણન કરાવો.




## ૩. વાર્તા :

### લાલિયો ક્યાં ગયો ?

એક નાનકડું ગામ. ગામમાં સોમાભાઈ નામના ખેડૂત રહે. તેમની પાસે બે બળદ. એકનું નામ કાળિયો અને બીજાનું નામ લાલિયો. બંને બળદ એમને ખૂબ વહાલા.

માર્ચ મહિનો આવ્યો. બાજરી વાવવાનો સમય થયો. વાવણી માટે પહેલાં ખેતર ખેડવું પડે. સોમાભાઈ બંને બળદ લઈને ખેતર ખેડવા ગયા. અડધું ખેતર ખેડ્યું અને બપોર થઈ. રેવાબેન ભાતું આપી ગયા. સોમાભાઈ ખાઈને આરામ કરવા સૂતા.



જાગીને જોયું તો બે બળદમાંથી એક બળદ ગાયબ ! ખેતરમાં કાળિયો તો હતો પણ લાલિયો ન હતો. સોમાભાઈએ લાલિયાને ખેતરમાં ઘણું શોધ્યો. લાલિયા... એ લાલિયા... લાલજી... ક્યાં છે તું ? પણ તે ક્યાંય ન જડ્યો.

- વાર્તા અટકાવી આ પ્રશ્ન પૂછી વિદ્યાર્થીઓને અટકળ લગાવવા કહો.

**(લાલિયો ક્યાં ગયો હશે ?)**

સોમાભાઈએ બાજરી વાવતી વખતે પણ લાલિયાને શોધ્યો પણ લાલિયો ક્યાંય ન જડ્યો. બાજરી ઊગીને મોટી થઈ. સોમાભાઈ તો રોજ ખેતરે આવે, બાજરી જોઈને હરખાય અને આખા ખેતરમાં ફરી ફરીને જુએ, 'ક્યાંક મારો લાલિયો નજરે પડે !' પણ લાલિયો ન જડ્યો.

**(તમને શું લાગે છે, લાલિયો ક્યાંથી મળશે ?)**

બાજરી પાકી ગઈ. સોમાભાઈએ બાજરીનાં ડૂંડાં કાપતાં કાપતાં લાલિયોને શોધ્યો. લાલિયો ન મળ્યો. ડૂંડાંમાંથી બાજરીના દાણા છૂટા પાડ્યા, ચાળણીથી ચાળ્યા, તગારાંમાં ભર્યાં, કોથળા ભરીને ઘરે લાવ્યા. પણ લાલિયો ન જડ્યો તે ન જ જડ્યો !

કોથળામાંથી બાજરી કાઢી, ફરીથી સાફ કરીને ઘંટીમાં દળી, રોટલા બનાવતાં પહેલાં બાજરીનો લોટ ચાળણીથી ચાળી જોયો. તોય લાલિયો ન જડ્યો તે ન જ જડ્યો.

સોમાભાઈને તો સતત લાલિયાના જ વિચાર આવ્યા કરે. મારો લાલિયો ક્યાં ગયો હશે ને શું કરતો હશે? ઘરના બીજા સભ્યો પણ લાલિયાની ચિંતા કરતા હતા.

નવી બાજરીના પહેલા રોટલા તૈયાર થયા. સરસ મજાના ગરમાગરમ મોટા મોટા રોટલા ! સૌ સાથે જમવા બેઠાં.

**(તમને લાગે છે કે લાલિયો મળશે ?)**

રેવાબહેને સૌની થાળીમાં એક એક રોટલો મૂક્યો. સોમાભાઈની દીકરી સપનાને રોટલાની પોપડી બહુ ભાવે. તેણે હળવેકથી પોપડી ખોલી અને એકાએક મોટેથી ચીસ પાડી : 'બાપુઉઉઉ..... આપણો લાલિયોઓઓ....!' સોમાભાઈએ તો પોતાની થાળી ધકેલીને કૂદકો માર્યો ને પોપડી નીચે જોયું તો લાલિયો નિરાંતે બેઠો બેઠો વાગોળતો હતો !



સોમાભાઈ તો નાચવા માંડ્યા : ‘મળી ગયો.. મળી ગયો.. મારો વહાલો લાલિયો મળી ગયો..! મારો લાલજી મળી ગયો...!’

## ૪. વાતચીત :

નીચે જેવા પ્રશ્નો પૂછો.

૧. સોમાભાઈ શું કામ કરતા હતા ?
૨. લાલિયો ક્યાંથી ખોવાયો ?
૩. લાલિયો ક્યાંથી મળ્યો ?
૪. સોમાભાઈ ક્યારે સૌથી વધુ ખુશ થયા ?
૫. તમને આ વાર્તામાં સૌથી વધુ શું ગમ્યું ?
૬. કહો : પહેલાં શું, પછી શું ?

- કોથળા ભર્યા — ડૂંડામાંથી દાણા છૂટા પાડ્યાં
- તગારાં ભર્યાં — ચાળણીથી ચાળ્યા
- લાલિયો મળ્યો — લાલિયો ખોવાયો
- બાજરી વાવી — ખેતર ખેડ્યું

## ૫. ખરું હોય તો બે તાળી પાડો, ખોટું હોય તો બે હાથ ઊંચા કરો :

૧. સોમાભાઈ પાસે ધોળિયો અને લાલિયો એવા બે બળદ હતા.

૨. લાલિયો સોમાભાઈને લઈ ખેતર ખેડવા ગયો.

૩. સોમાભાઈ સૂતા હતા ત્યારે કાળિયો ગૂમ થઈ ગયો.

૪. બાજરી ઉગેલી જોઈ બંને બળદ ખુશ થઈ ગયા.

૫. લાલિયાને શોધવા માટે લોટ ચાળ્યો.

૬. રોટલામાંથી બળદ મળ્યો.

## ૬. વાક્યોમાંથી ઝ હ ળ ઘ શોધીને તેની પર ● કરી ઢાંકી દો.

૧. ખેતરમાં ચાર ●ાડ●તાં.

૨. ઘરની આસપાસ હરણાં ચરતાં હતાં.


૩. સપના રેવાબહેનની દીકરી હતી.

૪. બળદ ઝડપથી ના ચાલે, બળદ હળવે હળવે ચાલે.

૫. રેવાબહેન કહે, લાલિયાને વાઘ ઘસડે ?

ઉપરનાં વાક્યો મોટેથી વંચાવો.

## ૭. ત્રણ વખત આંગળી ફેરવો :



● **ચાલો, ગાઈએ ગીતડું :** એન ઘેન દીવા ઘેન

## ૮. જુઓ અને લખો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ઝ | ઝ | | ઝ |
| | | | | | |
| ડ | ઙ | | ઙ | | ઙ |
| | | | | | |
| | દ | ધ | ધ | | ધ |
| | | | | | |
| | ળ | | ળ | | ળ |
| | | | | | |
| | ઉ | | ઉ | | ઉ |
| | | | | | |
| | ઉ | ઊ | ઊ | | ઊ |
| | | | | | |

## ૯. વાંચો અને લખો :

મારા માસા અને માસી વેરાવળમાં રહે છે. આ ઉનાળાની રજામાં અમે એમના ઘરે હતા. નાના અને નાની પણ અમારી સાથે હતાં. માસીએ અમને સુખડી આપી. માસા સાથે અમે દરિયે રઝળપાટ કરી.

મારા

## ૧૦. વાંચો :

૧.  (હરણ) વનમાં રહે છે.

૨. પેલા  (નળ) નીચે તપેલી મૂક.

૩.  (ખેડૂત)  (હળ) વડે ખેતર ખેડે છે.

૪.  (ઉંદર) એટલે માઉસ.

૫. બિલાડી આ  (માઉસ) ખાતી નથી.

૬.  (ઊંટ)ને રણમાં ચાલવાની મજા પડે છે.

૭.  (વાઘ) અને  (હાથી) વનમાં રહે છે.

૮. સિમરન  (ઝાડ) નીચે બેસી ખાતી હતી.

## ૧૧. ચિત્ર સાથે કૌંસમાં આપેલા શબ્દો લખો.

૧. હરણ

૨.

૩.

૪.

૫.

૬.

૭.

૮.

૯.

૧૦.

- **ચાલો, ગાઈએ ગીતડું :** એન ઘેન દીવા ઘેન

## ૧૨. સાંભળો અને છેકો :

અત્યાર સુધીમાં આવેલા કોઈ પણ આઠ મૂળાક્ષરો એક પછી એક મોટેથી બોલો. વિદ્યાર્થીઓને તે મૂળાક્ષર નીચેનાં વાક્યોમાંથી છેકી નાંખવા કહો. પૂરતો સમય આપો.

૧. ટીચર કહે વહ સુન, સુનકર વૈસે હી કર.

૨. બળદ કરતાં હરણ વધુ ઝડપથી દોડે છે.

૩. અજગર ઊડે નહીં, પણ ઝાડ પર ઊંચે ચડે છે.

૪. ગુજરાતી અઘરું નથી, તે ખૂબ સહેલું છે.

૫. હવે મને ગુજરાતીમાં ગસતચ, નવપલ, અજખઝ અને ડળહણ એમ બધું વાંચતાં આવડે છે.

## ૧૩. ગાઓ :

દોઢ ફૂટની દાઢી ને ચાર ફૂટની ચોટલી
ગધ્ધા ઉપર બેસે ડોસો માથે મૂકી પોટલી
ઠસક ઠસક જાય
ફસક ફસક થાય
ચોટલીના ઝૂલામાં બેસી,
પંખી ગીતો ગાય !
ચોટલી ઊડે ફરરર ફરરર
દાઢી ઊડે સરરર સરરર
ગધ્ધાની પૂંછડી ટૂંકી ટચ્ચ
ટાઢે ધ્રૂજે થરરર થરરર




## ૧૪. વાતચીત :

| | |
|---|---|
| ૧. દાઢી લાંબી છે કે ચોટલી ? | ૬. પંખીને શાની મજા આવે છે ? |
| ૨. પોટલી ક્યાં છે ? | ૭. ગધ્ધાને ઠંડી કેમ લાગે છે ? |
| ૩. દફતર માથા પર મૂકી ઠસક ઠસક ચાલો. | ૮. 'થરર થર' ધ્રૂજી બતાવો. |
| ૪. ઝૂલો ક્યાં છે ? | ૯. ટાઢથી ધ્રૂજતા અવાજે આ ગીત ફરીથી ગાઓ. |
| ૫. પંખી શું કરે છે ? | ૧૦. ફરર ફર - જેવા બીજા અવાજ કાઢો. |

## ૧૫. દોરો :

આપેલા ચિત્રમાં દાઢી અને ચોટલી દોરવા કહો.



## ૧૬. સુધારીને અને લખો :

૧. પિતાના ભાઈને મામા કહેવાય.

૨. મારી માતા પાણીમાં પૂરી તળે છે.

૩. ભૂતને મારી ઘણી બીક લાગે છે.

૪૭ ૪૭ ૪૭

૪. ભાઈ માથા ઉપર બૂટ પહેરે છે.

૫. આ બધું વાંચીને મને ખૂબ રડવું આવે છે.

## ૧૭. રમો : કક્કા જાસૂસ

બાળકોને ‘લાલિયો ક્યાં ગયો ?’ વાર્તામાંથી કક્કા જાસૂસ રમત રમાડો.

| અક્ષર | ______ | ______ | ______ | ______ | સરવાળો |
|---|---|---|---|---|---|
| કેટલા ? | | | | | |

## ૧૮. રમત : ભિલ્લુ જાસૂસ

વર્ગમાં જેટલા વિદ્યાર્થીઓ હોય તેની અડધી સંખ્યામાં એક અક્ષર ખાલી હોય તેવી અને તે શબ્દ પૂરો કરવા જરૂરી અક્ષરની ચિઠ્ઠીઓ બનાવો.

જેમ કે : ત્રીસ વિદ્યાર્થીઓ હોય તો, પંદર વિદ્યાર્થીઓ માટે [જિરા ___], [વિ ___ ન] એવા ખાલી જગ્યાવાળા શબ્દોની અને બાકીના પંદર વિદ્યાર્થીઓ માટે [રૂ], [મા] જેવા શબ્દોને પૂરા કરવા માટે જરૂરી અક્ષરોની ચિઠ્ઠીઓ બનાવવી.

વર્ગમાં દરેક વિદ્યાર્થીને આડાઅવળા ક્રમમાં એક એક ચિઠ્ઠી આપી દો. સૌને કહો કે ઊભા થઈ એવો જોડીદાર શોધે કે જેનાથી તેનો શબ્દ પૂરો થાય. તે શબ્દ તેઓ બંને નોટબુકમાં લખે અને તમને બતાવે. તે મુજબ તમે જોડીઓને ક્રમ આપતા જાઓ.

- **ચાલો, ગાઈએ ગીતડું :** એન ઘેન દીવા ઘેન

## ૫ તીખું તમતમતું ગીત

### ૧. ચાલો, ગાઈએ ગીતડું :

ચકલી બોલે કે ચીંચીંચીં
ઉજાણી કરીએ જીજીજી
કૂકડો બોલે કે કૂકરે કૂ
બોલો બનાવીએ શું શું શું ?
પોપટ બોલે કે કિર કિર કિર
આજે બનાવીએ ખીર ખીર ખીર
એવામાં આવી બિલાડી એક
તેણે લગાવી જબરી ઠેક
પૂરી ખાધી ને ખીર પી ગઈ
મોટી ઉજાણી બિલ્લીને થઈ.


- રમેશ પારેખ


### ૨. અમને ઓળખો :

નીચે આપેલાં વાજિંત્રોનાં નામ બોલો. વિદ્યાર્થીઓ ચિત્રમાંથી તેનો ક્રમ શોધીને લખશે.


૧


૨



૩


૪


૫


૬


૭


૮

● ગિટાર ૨ ● વાંસળી ● ઢોલક ● નગારું

● હાર્મોનિયમ ● મંજીરા ● તબલાં ● ખંજરી

## ૩. વાર્તા :

● સામે આપેલ ચિત્રમાં જે પ્રાણીઓ રંગ વગરનાં છે તેમાં રંગ પૂરાવો.

### ગીત એક રીત અનેક

એક કોયલ ફરવા નીકળી. તે ઊડતી જાય ને ગાતી જાય :

**“સા રે ગ મ પ ધ નિ સા**

**સા નિ ધ પ મ ગ રે સા”**

રસ્તામાં મળ્યો એક મોર. એ કરે ન કોઈ ‘દિ શોર.

ગાયન એનું બહુ મધુરું. લાગે સૌને ખૂબ સૂરીલું. બંને જંગલમાં ગાતાં જાય :

**“સા રે ગ મ પ ધ નિ સા**

**સા નિ ધ પ મ ગ રે સા”**

બંનેને મળ્યો એક દીપડો, “મોર-કોયલ, ચાલ્યાં ક્યાં ?”

“એક મજાની હરીફાઈમાં.”

“હરીફાઈ ? હરીફાઈનું નામ શું ?’

“ગીત એક, રીત અનેક”

“તો ચાલો હું પણ આવું.”

કોયલ કહે, “અમે એક હાર્મોનિયમ વગાડનારને શોધીએ છીએ.”


દીપડો કહે, “પેલો હલકો ફૂલકો હાથી, એને બનાવો સાથી.” મોરે ‘ટેહુક’ કહીને બૂમ પાડી ને હાથી હાજર.

**ઓહો ! સાથે આવ્યો ઢોલી બંદર.**

**ઠુમ ઠુમ ઠુમકઠુમ, ઢુમઢુમ ઢુમકઢુમ, તાક ધિનાધિન તા....**

સાથે શરમાળ શિયાળ પણ જોડાયું. ઊંચું ઊંચું ઊંટ તો ઊંધા પગે દોડ્યું.

બધાં ભેગાં થયાં દંગલ સરોવરની પાળે. નોળિયા પાસે જઈ નામ નોંધાવ્યાં.



ત્યાં જ જિરાફે ઘોષણા કરી -

**"તો શરૂ થાય છે હરીફાઈ : ગીત એક, રીત અનેક ...**
**વિજેતાને મળશે જંગલના દંગલ સરોવરમાં એક મંગલફેરો... કાચબાની પીઠ પર બેસીને તે પણ દર મહિને એક વાર !**
**કાચબાની સવારી, ગિફ્ટ છે અમારી !"**

બધાંએ તાળીઓનો ગડગડાટ કર્યો.

સૌથી પહેલો વારો હતો કોયલનો. કોયલે ચિઠ્ઠી ઉપાડી. કોયલના ભાગે આવ્યું રડતાં રડતાં ગાવાનું. એણે શરૂ કર્યું :

**ઊંહુ ઊંહુ... અંતર ઊંહું ઊંહુ મંતર ઊંહુ ઊંહુ જંતર...**
**ઊંહુ ઊંહુ... હું જાણું છું એક ઊંહું ઊંહું... મંતર...**
**ઊંહુ ઊંહુ તને ચકલી બનાવી દઉં... છૂં... ઊંહું ઊંહું ઊંહું ...**

સૌ ખડખડાટ હસી પડ્યાં.

ભૂંડની ચિઠ્ઠીમાં લખ્યું હતું : નાચતાં નાચતાં ગાવાનું. ઊંચા ઊંચા ઊંટની ચિઠ્ઠીમાંથી નીચી ડોકે ગાવાનું નીકળ્યું. દીપડાની તો ચિઠ્ઠી જ જેમતેમ ખૂલી; તેમાં લખ્યું હતું : મોં બંધ રાખીને ગાવાનું !!

મોરને હસતાં હસતાં ગાવાનું નીકળ્યું.

દેડકાભાઈને પેટમાં દુ:ખતું હોય એમ ગાવાનું હતું. આવાં ગીતો સાંભળી સૌ પોતાનું પેટ પકડી હસી પડ્યાં.

વરુભાઈને એમ કે મારો વારો છેલ્લે છે એટલે જરા સ્ટૉલ પર જઈ ગરમાગરમ ભજિયાં ખાઈ આવું. મોટા લીલા મરચાનું આખું ભજિયું જેવું મોંમાં મૂક્યું કે ત્યાં તરત જ જિરાફે વરુનું નામ જાહેર કર્યું.

વરુભાઈ તો મોંમાં ભજિયા સાથે દોડતા માઈક પાસે પહોંચ્યા. ચિઠ્ઠી ઉપાડી.

તેમાં લખ્યું હતું : મોટા અવાજથી ગાઓ.

વરુભાઈ તો મોંમાં ભજિયા સાથે ગાવા લાગ્યા. માંડ સંભળાય તેવો અવાજ નીકળ્યો. 'અંતર મંતર જંતર...'

બધાં તો એવાં હસ્યાં... એવાં હસ્યાં... એવાં હસ્યાં... હા... હા... હા... ! હો... હો... હો...! હાઉ... હાઉ... હાઉ... ! હૂ... હૂ... હૂ... !

## ૪. વાતચીત :

૧. કોયલ શું ગાતી હતી ?
૨. કોયલ અને મોરને સામે કોણ મળ્યું ?
૩. બધાં ભેગાં થઈ ક્યાં જવાનાં હતાં ?
૪. ઊંધા પગે કોણ દોડતું હતું ?
૫. હરીફાઈમાં કોણે કોણે ભાગ લીધો હતો ?
૬. હરીફાઈમાં વિજેતા બનનારને કોની સવારી મળવાની હતી ?
૭. આ હરીફાઈમાં તમે પહેલો અને બીજો નંબર કોને આપશો ?
૮. 'અંતર મંતર જંતર...' તમને ગમતી રીતે ગાઈ બતાવો.

## ૫. અભિનય :

- કોયલ - મોર - દીપડો મળ્યાં તેનો અભિનય.
- કોયલે હરીફાઈમાં ગાયેલું ગીત.
- મોંમાં ગરમાગરમ ભજિયા સાથે ગીત ગાતું વરુ.

વિદ્યાર્થીઓનાં જૂથ બનાવી, આ વાર્તાની ઘટનાઓનો અને જુદી જુદી રીતે ગાવાનો અભિનય કરાવો.

## ૬. સમજો અને લખો :

૧. લયકો     કોયલ

૨. યજા તાગા માં લગજં     જંગલમાં ગાતા જાય.

૩. રુંધુમ હુબ નુએ નયગા

૪. રીક ણાષઘો ફેરાજિ

૫. કનેઅ તરી કએ તગી

વાક્યોને સુલટાં કરી લખાવ્યા બાદ વિદ્યાર્થીઓને જૂથમાં બેસાડી 'ગીત એક રીત અનેક' વાર્તાનાં કોઈ પણ ત્રણ વાક્યોને આગળ મુજબ ઊલટાં લખવા કહો.

૧.

૨.

૩.


## ૭. ફકરામાંથી ભ, ય, ધ, ફ વાળા શબ્દો શોધીને લખો :

વિદ્યાર્થીઓને આ ફકરાનું મોટેથી ઝીલવાંચન કરાવ્યા બાદ શબ્દો શોધવા કહો. તેમણે શોધેલા શબ્દો વારાફરતી મોટેથી વંચાવો.

ભૌમિકભાઈ અને સોનલબહેન મોરવા ગામમાં રહે. તેમને એક દીકરો અને એક દીકરી. દીકરાનું નામ ધૈવત અને દીકરીનું નામ યામી. તેમના ઘરમાં બધાંને જુદું જુદું ખાવાનું ભાવે. સોનલબહેનને શાક ભાવે નહીં પણ સફરજન હોંશે હોંશે ખાય. ભૌમિકભાઈને ભાજી ઘણી વહાલી. ધૈવતને શાકમાં રવૈયાં અને ફળમાં પપૈયું ભાવે. યામીને દૂધીનું શાક ભાવે અને ફળમાં જામફળ મળી જાય એટલે બસ !

| ભ | ય | ધ | ફ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

## ૮. ત્રણવાર આંગળી ફેરવો :



૯. લખો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | ભ | ભ | ભ |
| | | | | | |
| | પ | પ | | | પ |
| | | | | | |
| | | ધ | ધ | | ધ |
| | | | | | |
| | | ફ | ફ | | ફ |
| | | | | | |
| અ | આ | ઓ | ઓ | | ઓ |
| | | | | | |
| અ | ઓ | ઔ | ઔ | | ઔ |
| | | | | | |

## ૧૦. વાંચો પણ ગાતાં ગાતાં...

આજે વનમાં ફરીથી મહેફિલ હતી

બધાંએ અલગ અલગ ગીત ગાયાં.

કોયલે ગાયું : જંગલમાં બોલે કોયલ કૂકૂ કૂકૂ...

મોરે લલકારીને ગાયું : મન મોર બની થનગાટ કરે

મારું મન મોર બની થનગાટ કરે.

દીપડો ગાવા ગયો : ‘‘આ આ ઈ... ઉ... ઉ... ઊ...

ઓ ઓ ઓ... ઔ... ઔ ઔ...

ઊંટે ગાયું : ‘‘ચાલવાના, ચાલવાના રણમાં રે ચાલવાના.

ઊંચા ઊંચા ઊંટ અમે નીચા નહીં નમવાના.

ભમ ભમા ભમ ભમ... ભમ ભમા ભમ ભમ...

શિયાળે ગાયું : હાય હૂકી... હાય હૂકી હાય હાય

બધા કેવું મીઠું મીઠું ગાય ગાય !

મહેફિલમાં બધાને ભારે મજા પડી.

## ૧૧. કહો અને લખો :

- તમને કોનાં ગીત વધુ ગમ્યાં ?
- તમને ગમેલાં બે ગીતની લીટીઓ અહીં લખો.

## ૧૨. ગાઓ :

એક ઝરણું દોડ્યું જાતું'તું
એ તો અધ્ધરથી પછડાતું'તું,
પછડાતું'તું, અથડાતું'તું,
તોયે હસતું હસતું જાતું'તું ... એક ઝરણું.
સીમ, ગામ ને ખેતર - પાદરમાં
હસતું - રમતું એ જાતું'તું.
રમતું-ભમતું, ભમતું-રમતું.
એ સાગરમાંહી સમાતું'તું... એક ઝરણું.
એને કાંઠે પંખીડાં પાણી પીએ,
એને નીરે નાનાં બાળ રમે,
નિત આનંદે ઊભરાતું'તું... એક ઝરણું.

**- ગોવિંદભાઈ પરીખ**

## ૧૩. વાતચીત :

૧. ઝરણું શું શું કરતું હતું ?
૨. ઝરણું ક્યાંથી પછડાતું હતું ?
૩. ઝરણું પડી જાય તો શું કરે ?
૪. ઝરણું ક્યાં ક્યાંથી પસાર થાય છે ?
૫. ઝરણું છેલ્લે ક્યાં પહોંચે છે ?
૬. જાતું'તું, હસતું'તું જેવા બીજા શબ્દો બોલો.
૭. તમે કોઈ નદી, તળાવ કે ધોધમાં નાહ્યા હો તો તેની વાત કહો.

## ૧૪. 'ગીત એક રીત અનેક' વાર્તા ફરીથી સાંભળી આ વાક્ય કોણ બોલે છે તે લખોઃ

૧. સારેગમપધનિસા
૨. અમે એક હરીફાઈમાં જઈએ છીએ.
૩. હાથીને તમારો સાથી બનાવો.
૪. આ છે ગાવાની હરીફાઈ, નામ છે ગીત એક રીત અનેક !
૫. ગાતા પહેલાં ગરમાગરમ ભજિયાં ખાઈ લઉં.

## ૧૫. પાનાં નંબર લખો :

વિદ્યાર્થીઓને જૂથમાં બેસી નીચેની લીટી કયા ગીત કે ગીતડામાં આવે છે તે શોધવા કહો. તે કયા પાના પર છે તે લખવા કહો. ત્યારબાદ તે ગીત કે ગીતડાની તેમને ગમતી પંક્તિ ગાવા કહો.

| પંક્તિ | પાના નંબર |
| --- | --- |
| ૧. એ તો ઊડ્યું છાનુંમાનું | |
| ૨. ચકચક કરતાં... ફરફર ફરતાં... પજવે આખો દહાડો | |
| ૩. ઝૂલા ઉપર ખેલ બતાવું, ગુલાંટ મારી નીચે આવું. | |
| ૪. ઝબૂક ઝબૂક વીજળી થાય, દોડે વાદળ ચારેકોર | |
| ૫. આભમાં ઊડે સુપરમૅન | |
| ૬. વીજળી ચમકે ચમચમ | |

## ૧૬. રમત : ઝટપટ જાસૂસ

● દરેક વિદ્યાર્થીને ચિઠ્ઠીમાં એકમ-૬ની ‘કામગરી મરઘી’ વાર્તામાંથી એક શબ્દ લખવા કહો. ● તેમને સૂચના આપો કે તેમણે લખેલો શબ્દ કોઈ જાણી ન જાય. ● ત્યારબાદ બધી ચિઠ્ઠીઓ તમારી પાસે ભેગી કરો અને વર્ગ સામે ઉછાળો. ● વિદ્યાર્થીઓ દોડંદોડા કરી એક એક ચિઠ્ઠી લઈ લેશે. ● તેઓ તેમની પાસે આવેલી ચિઠ્ઠી **કોણે લખી છે** તે શોધશે. ● પછી તે ચિઠ્ઠી તેને **આપવાનો** અને **પોતે લખેલી** ચિઠ્ઠી **મેળવવાનો** પ્રયત્ન કરશે. ● જેને પોતાની ચિઠ્ઠી મળી જાય તે ક્રમશઃ તમારી પાસે આવે તેમતેમ ક્રમ આપતા જાઓ.

# ૬ મરઘી બનો, મજા કરો


## ૧. ચાલો, ગાઈએ ગીતડું :

એક મજાનો માળો, એમાં ચાર ચકલીઓ રહેતી હતી.
ઓ... હો... હો... ચકલી ચીં...ચીં...ચીં...
પહેલી ચકલી ચોખા રાંધે
બીજી દૂધ ઉકાળે...
ત્રીજી એમાં સાકર નાંખે
ચોથી ખીર બનાવે...
ઓ... હો... હો... ચકલી ચીં...ચીં...ચીં...

## ૨. મારે શું જોઈશે ?


વિદ્યાર્થીઓને કામ સાથે વસ્તુનાં ચિત્રો જોડવા કહો. જોડ્યા પછી વારાફરતી વિદ્યાર્થીને તે વસ્તુ/સાધન પોતે કેવી રીતે વાપરશે તે બોલવા કહો.




- રસોઈ કરવી છે.
- કપડાં ધોવાં છે.
- સાઈકલ સાફ કરવી છે.
- પોતું કરવું છે.
- ફૂલછોડને પાણી પાવું છે.




## ૩. વાર્તા :

આરોહ-અવરોહયુક્ત ભાવવાહી વાંચન કરો. જ્યાં ‘ક્લક ક્લક’ આવે ત્યારે વિદ્યાર્થીઓ પાસે સમૂહમાં બોલાવો.

### કામગરી મરઘી

એક હતી મરઘી. કોમડી એનું નામ. બોલે ‘ક્લક ક્લક ક્લક’. કામ કરે ચકાચક.

એને જડ્યો એક ઘઉંનો દાણો. ‘ક્લક ક્લક ક્લક.’

‘એ ઘઉંનો દાણો વાવશે કોણ ?’ એણે દોસ્તોને પૂછ્યું.



‘હું નહિ વાવું..’ કૂતરાએ કહ્યું.

‘હું નહિ વાવું..’ બિલાડીએ કહ્યું.

‘હું નહિ વાવું..’ વાંદરાએ કહ્યું.

‘હું નહિ વાવું..’ મોરલાએ કહ્યું.

‘તો પછી હું તો વાવીશ જ’ મરઘીએ કહ્યું ‘ક્લક ક્લક ક્લક’

મરઘીએ ઘઉંનો દાણો વાવ્યો. પછી એમાંથી અંકુર ફૂટ્યો. અંકુર વધીને છોડ થયો. છોડ પર લીલાંકચ પાંદડાં આવ્યાં. એ જોવા સૂરજનો તડકો રોજ આવે. છોડ વધીને મોટો થયો. છોડ પર દાણા આવ્યા. દાણા પાક્યા.

‘હવે એ ઘઉં કાપશે કોણ ?’ મરઘીએ પૂછ્યું.



‘હું નહિ કાપું..’ કૂતરાએ કહ્યું.

‘હું નહિ કાપું..’ બિલાડીએ કહ્યું.

‘હું નહિ કાપું..’ વાંદરાએ કહ્યું.

‘હું નહિ કાપું..’ મોરલાએ કહ્યું.

‘તો પછી હું કાપીશ’ મરઘીએ કહ્યું, ‘ક્લક ક્લક ક્લક.’

મરઘીએ ઘઉં કાપી લીધા.

'હવે આ ઘઉં કપાઈ ગયા, તો એમાંથી દાણા કાઢશે કોણ ?' મરઘીએ પૂછ્યું.

'હું નહિ કાઢું..' કૂતરાએ કહ્યું.

'હું નહિ કાઢું..' બિલાડીએ કહ્યું.

'હું નહિ કાઢું..' વાંદરાએ કહ્યું.

'હું નહિ કાઢું..' મોરલાએ કહ્યું.

'તો હું કાઢું છું' મરઘીએ કહ્યું, 'ક્લક ક્લક ક્લક'

મરઘીએ એમાંથી ઘઉં કાઢી લીધા.

'હવે  આ ઘઉં દળાવવા ઘંટીએ કોણ જશે ?' મરઘીએ પૂછ્યું.

'હું નહિ જાઉં..' કૂતરાએ કહ્યું.

'હું નહિ જાઉં..' બિલાડીએ કહ્યું.

'હું નહિ જાઉં..' વાંદરાએ કહ્યું.

'હું નહિ જાઉં..' મોરલાએ કહ્યું.

'તો હું ઘંટીએ જઈશ ને ઘઉં દળાવી લાવીશ' મરઘીએ કહ્યું, 'ક્લક ક્લક ક્લક'

ને પછી મરઘી ઘઉં લઈને ઘંટીએ ગઈ. ઘઉં દળાવ્યા. લોટ લઈને મરઘી પાછી આવી. 'ક્લક ક્લક ક્લક.'

'હવે આ ઘઉંની રોટલી બનાવશે કોણ ?' મરઘીએ પૂછ્યું.

'હું નહિ બનાવું..' કૂતરાએ કહ્યું.

'હું નહિ બનાવું..' બિલાડીએ કહ્યું.

'હું નહિ બનાવું..' વાંદરાએ કહ્યું.

'હું નહિ બનાવું..' મોરલાએ કહ્યું.



'તો પછી રોટલી હું બનાવીશ' મરઘીએ કહ્યું. 'ક્લક ક્લક ક્લક'. મરઘીએ પછી રોટલી વણી, શેકી, ઘીમાં ઝબોળી અને થાળીમાં પીરસી. સુગંધ આવી. સહુનાં મોંમાં પાણી પાણી.

'હવે આ રોટલી ખાશે કોણ ?' મરઘીએ પૂછ્યું.



'હું ખાઈશ..' કૂતરાએ કહ્યું.

'હું ખાઈશ..' બિલાડીએ કહ્યું.

'હું ખાઈશ..' વાંદરાએ કહ્યું.

'હું ખાઈશ..' મોરલાએ કહ્યું.

'ના, ના, રોટલી તો હવે હું જ ખાઈશ' મરઘીએ કહ્યું.

કહો, રોટલી કોણે ખાધી હશે ?

## ૪. વાતચીત :

૧. મરઘીને શું જડ્યું ?

૨. મરઘીને દાણો વાવવાની કોણે કોણે ના પાડી ?

૩. સૂરજનો તડકો રોજ શું જોવા આવતો ?

૪. ઘઉંના લોટમાંથી શું શું બને છે ?

૫. ઘઉંમાંથી રોટલી બનાવવા મરઘીએ શું શું કર્યું ?

## ૫. સાચો શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :

૧. મરઘીએ ઘઉંનો ______ વાવ્યો. (દાણો / છોડ)

૨. છોડનાં પાંદડાં ______ હતાં. (લાલમલાલ / લીલાંકચ)

૩. મરઘી ઘઉં દળાવવા ______ ગઈ. (ખેતરે / ઘંટીએ)

૪. મરઘીએ રોટલી ______ માં ઝબોળી. (ઘી / પાણી)

## ૬. કોણ શું બોલે તે કહો :

કોયલ - કુહૂ કુહૂ કુહૂ

કૂતરો - ______

બિલાડી - ______

મોરલો - ______

મરઘી - ______

ઉંદર - ______

કાગડો - ______

ચકલી - ______

મચ્છર - ______

કૂકડો - ______

## ૭. વાર્તાના આધારે વાક્યો વાંચી હા કે ના લખો :

૧. ખેતરમાં ત્રણ પંખીઓ રહેતાં હતાં. ______

૨. ખેતરમાં સોમાભાઈ મરઘીનું ધ્યાન રાખતા હતા. ______

૩. મરઘીએ ઘઉં કાપી લીધા. ______

૪. ઘઉંના દાણા મરઘીએ ઘરઘંટીમાં દળ્યા. ______

૫. મરઘીએ રોટલી ઘીમાં ઝબોળી અને પછી વણી. ______

૮. વાંચો :

## ઢોલકપુરનો ભીમ

ઢોલકપુરનો બળિયો ભીમ
શરણાઈપુરનો શશી
ઢોલ વગાડે ઢમ ઢમ ઢમ
ને ગીતો ગાતાં હસી.
ઠુમક ઠુમક ઠુમ ઠુમકા મારી
ભારે કરતા નાચ.
તાતાથઈ થઈ થૈયા કરતાં
પડી ગઈ છે સાંજ
ભીમભાઈની ભારે કાયા
ભૂખ લાગી કકડીને
બોરડીનું થડ હલાવે
બેઉ હાથે પકડીને
બોરાં પડતાં ટપ ટપ ટપ
શશી વીણતો પટ પટ પટ
નવ નવ બોરના કીધા ભાગ
ખાતાં નીકળ્યા ઠળિયા આઠ.



## ૯. શબ્દ શોધીને લખો :

'ઢોલકપુરનો ભીમ'માંથી જેમાં શ, થ, ઠ, ઢ અને અનુસ્વાર આવતા હોય તેવા શબ્દો શોધીને અહીં લખાવો.

શ -



થ -

ઠ -


ઢ -


તાં -


## ૧૦. ઓળખો :


| ઢ | થ |
| --- | --- |
|  |  |
| શ | ઠ |
|  |  |


## ૧૧. ત્રણ વખત આંગળી ફેરવો :



## ૧૨. લખો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | ૭ | ૨ | શ | શ | શ |
| | | | | | |
| ૭ | ૨ | થ | થ | | થ |
| | | | | | |
| ડ | ઠ | ઠ | | | ઠ |
| | | | | | |
| ટ | ઢ | ઢ | | | ઢ |
| | | | | | |

## ૧૩. શું જુદું લખાયું છે ? તેની ફરતે ◯ કરો.

૧. બળિયો ભીમ ઢોલ વગાડે.

(ભ)ળિયો ભીમ (ઠો)લ વગાડે.

૨. શશી ઠુમક ઠુમક ઠુમકા મારે છે.

શશી ઢુમક ઢુમક ઢુમકા મારે છે.

૩. ભીમ બોરડીનું થડ હલાવે છે.

ભીમ બોરડીનું શડ હલાવે છે.

૪. શશી શરણાઈ વગાડે.

થશી થરણાઈ બગાડે.

## ૧૪. ગાઓ :

બા, પેલા બાગમાં દોડી દોડી જાઉં
નાના છોડવાને પાણી પાઉં પાઉં પાઉં
આંબાની ડાળે ટહુકે કોયલડી
કોયલની સાથે ગાઉં ગાઉં ગાઉં
વડલાની ડાળે બાંધ્યો છે હીંચકો
હીંચકે હીંચકા ખાઉં ખાઉં ખાઉં
ફૂલડે ફૂલડે ઊડે પતંગિયાં
હું તો એને પકડવા જાઉં જાઉં જાઉં
હરિયાળા બાગમાં નાચે છે મોરલો
મોરલો બોલે - મેં આઉં આઉં આઉં

## ૧૫. કહો :

૧. બાળકને ક્યાં જવાનું મન છે ?

૨. બાગમાં જઈને બાળક શું શું કરશે ?

૩. કોયલડી ક્યાં ટહુકે છે ?

૪. કવિતામાં આવતાં ઝાડનાં નામ કહો.

૫. વડલાડાળે શું બાંધ્યું છે ?

૬. આ કવિતામાં બાળકને જે જે કરવાનું મન છે. તેમાંથી શું કરવાની તમે ના પાડશો ? શા માટે ?

૭. તમે બાગમાં કોની સાથે જાઓ છો ?

૮. તમે બાગમાં જાઓ ત્યારે ત્યાં શું કરો છો ?

૯. આખી કવિતા અભિનય સાથે ફરીથી ગાઓ.

૧૦. 'મેં આઉં મેં આઉં' બોલતાં બોલતાં ચાલો.

૧૧. બાગમાં જઈ બાળક શું ગાશે ?

## ૧૬. જોડો :

| (અ) | (બ) |
|---|---|
| હરિયાળો બાગ | કોયલડી |
| વડલાની ડાળ | પતંગિયાં |
| ફૂલડાં | મોરલો |
| આંબાની ડાળ | હીંચકો |

## ૧૭. ગીતમાંથી આખો શબ્દ શોધીને લખો.

| | | |
|---|---|---|
| છો ડ વા | — ર — | — ણી |
| — ય — | — — ગિ — | — — ુ — |
| હ — યા — | — ઉં | — — ડે |

## ૧૮. લખો :

વિદ્યાર્થી પાસે ખાનામાં આપેલાં વાક્યો વંચાવો પછી એવું તેમને કોણ કોણ કહે છે તે પહેલાં પૂછો અને પછી લખવા કહો.

| શું કહે ? | કોણ કોણ કહે ? |
|---|---|
| વાંચવા બેસો. | |
| રમવા જાઓ. | |
| ટીવી બંધ કર. | |
| લેસન કરવા બેસ. | |

જલદી ઊઠ

ચૂપ રહે. અવાજ ન કર.

જે ગમે તે કર.

છાનામાના બેસો.

વાહ ! ખૂબ સરસ !

શાબાશ બેટા !

કીપ ઈટ અપ


## ૧૯. વાતચીત :

વિદ્યાર્થીઓ ગમતાં કામ, ગમતી રમત વિશે પૂછો. વિદ્યાર્થીઓને ક્યાં કામ કરતા અટકાવવામાં આવે છે કે બીક ક્યારે લાગે છે જેવી બાબતની વાતચીત કરી નોંધ કરવા કહો.

| ગમતાં કામ | ગમતી રમત |
| --- | --- |
| | |
| | |
| | |
| | |

| ક્યારે બીક લાગે ? | કયું કામ કરતાં અટકાવે ? |
| --- | --- |
| | |
| | |
| | |
| | |


## ૨૦. ચાલો રમીએ :




૧




૨



૩



૪




૫




૬




૭




૮




૯




૧૦




૧૧




૧૨



૧૩



૧૪



૧૫

૧ થી ૧૫ નંબર લખેલી ચિઠ્ઠીઓ બનાવો. વારાફરતી વિદ્યાર્થીઓ પાસે ચિઠ્ઠી ઉપડાવો. વિદ્યાર્થીને ઉપાડેલી ચિઠ્ઠીના નંબરવાળી ક્રિયા કરવા વર્ગના બાકીના વિદ્યાર્થીઓમાંથી પોતાનો એક સાથીદાર પસંદ કરવા કહો. બંને સાથે મળી તે ક્રિયા ત્રણ વખત કરશે. આ રીતે ચાર વિદ્યાર્થીઓનો વારો આવી જાય પછી વિદ્યાર્થીઓને વ્યક્તિગત નીચે જેવા પ્રશ્ન પૂછો.

દા.ત. દોરી કોણ કોણ કૂદ્યાં ?

- લીના અને મોહને શું કર્યું ?
- કઈ ક્રિયા જોઈ તમને ખૂબ હસવું આવ્યું ?

## ૨૧. રમત : કક્કા જાસૂસ

'કામગરી મરઘી' વાર્તામાંથી મનગમતા મૂળાક્ષર શોધવાની રમત રમાડો.

| અક્ષર | | | | | સરવાળો |
|---|---|---|---|---|---|
| કેટલા ? | | | | | |

- **ચાલો, ગાઈએ ગીતડું :** એક મજાનો માળો..... ગીત ગવડાવો.

## ૨૨. હસીએ :

મોટોભાઈ : મેં તને ઉધરસની ગોળી આપી હતી ને ?

નાનોભાઈ : હા મોટાભાઈ.

મોટોભાઈ : તે તું રોજ લે છે ને ?

નાનોભાઈ : મોટાભાઈ, હા, મેં તે એકવાર ખાધી.

મોટાભાઈ : પછી ?

નાનોભાઈ : મને થયું કે આવી ગોળી ખાવા કરતાં ઉધરસ ખાવી સારી.

# ૭ મિયાઉં... મિયાઉં, અહીં આવ

## ૧. ચાલો, ગાઈએ ગીતડું :

ફરરર કરતું વિમાન ઊડ્યું
ખરરર ખરરર ઝૂમ
બારીમાંથી જોયું ત્યાં તો
બધાં મકાનો ગૂમ.
ઢગલે ઢગલા વાદળ વચ્ચે
વિમાન છૂપાછૂપ
બીક મને તો બહુ બહુ લાગી
હું તો થઈ ગયો ચૂપ.
મને થયું કે વિમાન મારું
હીંચક હીંચક હીંચે
ત્યાં તો કેવું ફરરર કરતું
ઊતરી આવ્યું નીચે...




- રમેશ પારેખ



૭૪ ૭૪ ૭૪

## ૨. બરાબર જુઓ :



બોઝો
ધનંજય
ચીમનભાઈ
ગોપાલ
રંજુ
અયુબભાઈ
વિજય
રેખાબેન
ચંપાબેન
તેજુ
હનીફાબેન
લાછીબેન
નીખીલ ભાઈ
મીનાબેન
ઈશા
ચંપક કાકા
શંકરભાઈ
સવિતાબેન
રાજ
ટોની
મૌલિક
ડેનીયલ
તરલાબેન
રાઘવ સોઢા
ગીતાંશ
સાંકળચંદભાઈ
વિનોદભાઈ
પંકજ
મોનાબેન
ટીકુ
ખુશી પાઠક

## ૩. વાતચીત :

1. ચિત્રમાં કેટલા પુરુષો, સ્ત્રીઓ, બાળકો છે ?
2. હનીફાબહેન કપડાં ધુએ છે તેનો અવાજ સૌથી વધુ કોને સંભળાતો હશે ?
3. કોણ કોણ વાતો કરી રહ્યા છે ? ક્યાં ? ક્યાં ?
4. મકાનના ધાબે શું દેખાય છે ?
5. અરીસાનો ઉપયોગ કોણ કરી રહ્યું છે ?

## ૪. મને ઓળખી કાઢો :

૧. હું દાદરા પર છું અને નીચે ઊતરું છું.

૨. મારા હાથમાં ચા છે.

૩. હું સફાઈ કરું છું.

૪. અમારી નજીક પાણીની ડોલ છે.

૫. મારે ચાર પગ છે.

૬. મારા મોટાભાઈને કારથી રમવું બહુ ગમે છે.

૭. અમે રસોડામાં છીએ.

૮. અમે ઘરમાં નથી.

## ૫. ચિત્ર જોઈને લખો :

૧. યોગાસન કોણ કરે છે ?

૨. ઈશાની ઉપરના ઝરુખામાં કોણ છે ?

૩. છાપું કોણ કોણ વાંચે છે ?

૪. બોઝો કોનું નામ છે ?

૫. બોઝોનો ભાઈબંધ શું કરે છે ?

૬. પંકજની સૌથી નજીક કોણ છે ?

૭. સૌથી લાંબા નામવાળો માણસ કોણ છે ?

૮. આવી રીતે સરખાં બોલાતાં નામ શોધો.

- કવિતા - સવિતા
- લેખા -
- મિતાંશ -
- સરલા -
- સંજુ -
- નરેશ -

૯. તમારી આસપાસ રહેતા માણસોનાં નામ લખો.

## ૬. વાર્તા :

### બિલ્લુની બિલ્લી



બિલ્લુના ઘરે એક બિલાડી. એનું નામ મીની. બિલ્લુને મીની બહુ જ ગમે. મીનીને પણ બિલ્લુની સાથે રમવાની બહુ મજા પડે. મીનીનાં તોફાનોથી કોઈ વાર દાદા ખિજાય, મમ્મી પણ ખિજાય. બિલ્લુ કદી ખિજાય નહીં. દરરોજ નિશાળેથી આવીને બિલ્લુ બોલે, ''મારી મીની મ્યાઉં મ્યાઉં.'' બિલ્લુનો સાદ સાંભળીને મીનીબેન તરત જ આવીને બિલ્લુના ખભે બેસી જાય.

એકવાર શાળાએથી ઘરે આવીને બિલ્લુએ સાદ કર્યો, ''મારી મીની મ્યાઉં મ્યાઉં'' પણ મીની ન આવી. ફરીથી ત્રણ ચાર વખત સાદ કર્યો પણ મીનીબહેન ન આવ્યાં. બિલ્લુને થયું કે મીની કદાચ આડોશપાડોશમાં કોઈકના ઘરે ગઈ હશે. આવું વિચારીને બિલ્લુ ટીનામાસીના ઘરે ગયો.

''ટીનામાસી, મારી મીની આવી છે ?''

''ના, આજે તો નથી આવી.''

''ભલે માસી. મીની આ બાજુ દેખાય તો મને કહેજો.''

બિલ્લુ ગયો ઐયરકાકાના ઘરે. ઘરમાં જઈને સીધો જ સાદ કર્યો, ''મારી મીની મ્યાઉં મ્યાઉં.'' મીની તો ન આવી, પણ ઐયરકાકા આવ્યા.

''ક્યા હૈ, બિલ્લુ ?''

''અંકલ, મારી મીની ઘરે નથી. બહાર પણ ક્યાંય દેખાતી નથી એટલે તમારા ઘરે શોધવા આવ્યો છું.''

''ઈધર તો નહીં આયી હૈ.''

''થૅન્ક યૂ અંકલ, આ બાજુ દેખાય તો મને કહેજો, હું જાઉં છું, આવજો.''

એમ કહીને બિલ્લુ રૉય અંકલના ઘરે ગયો. ડોર બેલ વગાડી. પહેલાં કદી ન જોયેલા એક દાદાજી આવ્યા. બિલ્લુએ તો સીધો સાદ કર્યો, ''મારી મીની મ્યાઉં મ્યાઉં''.

''તુમ કૌન હો, ભાઈ ? ક્યા ચાહિએ ?''

''મારી મીની ઘર પે નથી હૈ. આપકે ઘરે આવી હૈ ?''

''ઇધર તો નથી આવી, આયેગી તો તમને બતાઉંગા.'' દાદાએ હસીને કહ્યું.

''પર તમે હો કૌન ? તમારા નામ ક્યા હૈ ? તમારા ઘર કહાં હૈ ?'' દાદાજીએ પૂછ્યું.

''મૈં બિલ્લુ છું. સાચા નામ તો પ્રણવ હૈ. પણ સબ મને બિલ્લુ કહે છે. પેલા સામે દિખતા હૈ, વહ વ્હાઇટ ઘર હમારા છે.''

''બહોત અચ્છે, તમે બેઠો, મૈં તમારે લિએ કુછ બંગાલી મિઠાઈ લાવતા હું.''

''નહીં દાદાજી, મિઠાઈ જ્યાદા ભાવતી નથી. કુછ નમકીન હૈ તો બહાર કાઢીને રખિયેગા. મૈં મીનીને શોધીને આવુંગા.'' દાદાજીને બિલ્લુની કાલી કાલી ભાષા સાંભળીને મજા આવતી હતી.

બિલ્લુ પહોંચ્યો અબ્દુલચાચાના ઘરે.

''અબ્દુલચાચા, મીનીને જોઈ ?'' ઘરની બહારથી જ બિલ્લુએ બૂમ પાડી.

ત્યાં જ એની નજર ઘરની વંડી પર પડી. મીનીબેન તો એક નાની કટોરીમાંથી ચપચપ ખીર પીતાં હતાં.

''મેરી મીની મ્યાઉં મ્યાઉં...''

''મ્યાઉં મ્યાઉં...!'' મીનીએ ત્યાં જ બેઠાં બેઠાં જવાબ આપ્યો. એ બિલ્લુના ખભે બેસવા ના આવી. ખીર ખાવાનું ચાલુ રાખ્યું !

''તું પણ ઘરમાં આવી જા, બિલ્લુ. થોડી ખીર તું પણ ખાઈ લે.'' ફાતિમાચાચીએ બિલ્લુને કહ્યું.

બિલ્લુ ખીર ખાવા લાગ્યો. મીની પોતાની ખીર પૂરી કરીને બિલ્લુના ખભે ચડીને બેસી ગઈ. તે બિલ્લુની ખીર સામે જોઈ બિલ્લુનો કાન ચાટવા લાગી.

## ૭. વાતચીત :

૧. બિલ્લુ મીનીને શોધવા કોના કોના ઘરે ગયો ?

૨. કોના ઘરની સામે બિલ્લુનું ઘર દેખાય છે ?

૩. કોને બિલ્લુની કાલી કાલી ભાષા સાંભળવાની મજા આવી ?

૪. 'થૅન્ક યૂ અંકલ' એવું બિલ્લુએ કોના ઘરે કહ્યું ?

૫. બિલ્લુને ખીર કોણે ખવડાવી ?

૬. મીની ક્યાંથી મળી ?

## ૮. યાદ કરો અને "હા રે હા" કે "ના રે ના" લખો :

નીચેનાં વાક્યો મોટેથી વાંચી સંભળાવો. વિદ્યાર્થીઓને વાર્તાને આધારે તે વાક્ય સામે 'હા રે હા' અથવા 'ના રે ના' લખવા કહો.

૧. બિલ્લુના ઘરે બકરી હતી.

૨. મીની અને બિલ્લુ રમતા ન હતા.

૩. મીનીનાં તોફાનોથી બિલ્લુ ખિજાતો હતો.

૪. બિલ્લુ 'મારી મીની મ્યાઉં મ્યાઉં' બોલે એટલે બિલાડી ભાગી જતી.

૫. બિલ્લુ મીનીને શોધતો હતો.

૬. મીની અબ્દુલચાચાના ઓરડામાં બેઠી હતી.

૭. મીનીને શોધતાં બિલ્લુને ખીર ખાવા મળી.

૮. બિલ્લુ મીનીનો કાન ચાટતો હતો.

## ૯. વાંચો અને કહો, આવું કોણ બોલતું હતું ?

૧. ભલે માસી, મીની મળે તો કહેજો. બિલ્લુ

૨. ઈધર તો નહીં આયી હૈ.

૩. ઈધર તો નથી આવી, આયેગી તો તમને બતાઉંગા.

૮૦ ૮૦ ૮૦

૪. મિઠાઈ જયાદા ભાવતી નથી. કુછ નમકીન હૈ તો બહાર કાઢીને રાખિયેગા.

૫. તું પણ ઘરમાં આવી જા, થોડી ખીર તું પણ ખાઈ લે.

૬. ના, આજે તો નથી આવી.

## ૧૦. વાંચો અને બીજી ભાષામાં બોલો :

આ વાક્યો વિદ્યાર્થીઓને વારાફરતી મોટેથી વાંચવા કહો અને તે વાક્ય તેમને ફાવતી બીજી કોઈ પણ ભાષામાં મોટેથી બોલવા કહો, આવાં બીજાં વાક્યોની પણ પ્રૅક્ટિસ કરાવો.

૧. મારી બિલાડી ખોવાઈ ગઈ છે.
૨. મને બિલાડી સાથે રમવું ન ગમે.
૩. હું આ દાદાને ઓળખું છું.
૪. મહેશકાકાના ઘરે લાડુ ખાવાની મજા આવી.
૫. મારા ઘરે એક સસલું છે.

## ૧૧. બિલ્લુ સાથે વાત કરો :

૧. તમે : અરે ! બિલ્લુ, તું ક્યાં જાય છે ?
બિલ્લુ : મારી બિલાડીને શોધવા જાઉં છું.

૨. તમે : બિલ્લુ, બિલાડી ક્યાંથી મળી ?
બિલ્લુ :

૩. તમે :
બિલ્લુ : મને તો ફરસાણ બહુ ભાવે.

૪. બિલ્લુ : મેં તો ખીર ખાધી. કોના ઘરે ? કહી દે.
તમે :

૫. તમે :
બિલ્લુ : મારી બિલ્લી મળે પછી રમવા આવું.

## ૧૨. ગાઓ :

પપ્પા મારા ભાઈબંધ ને હું પપ્પાનો ફ્રેન્ડ
દોસ્તી એવી પાક્કી જેનો કદી ન આવે એન્ડ...
પકડમપકડી, દોડાદોડી, કરીએ ધીંગામસ્તી
પપ્પા ઘોડો, છુકછુક ગાડી, મમ્મી ખડખડ હસતી,
મોજ પડે તો ઊંચે ઊડીએ, મોજ પડે તો લેન્ડ...
પપ્પા મારા ભાઈબંધ...
પપ્પાની બૉલિંગમાં હું તો ચોગ્ગા-છગ્ગા મારું
પપ્પા મહેનત કરે ઘણી પણ હું ના કદીએ હારું
મારી બૉલિંગમાં પપ્પાનું વાગી જાતું બૅન્ડ...
પપ્પા મારા ભાઈબંધ...
પપ્પા ક્યારેક દફતર લઈને જાય નિશાળે મારી
હું પપ્પાની ઑફિસે જાઉં બૅગ ઉઠાવી ભારી
પપ્પા મારી ચડ્ડી પહેરે હું પહેરી લઉં પૅન્ટ,
પપ્પા મારા ભાઈબંધ...

- હસમુખ ગોવાણી


## ૧૩. વાતચીત :

૧. ગીતમાં આવતા અંગ્રેજી શબ્દો બોલો.
૨. આ ગીતમાં કોણ કોણ ફ્રેન્ડ છે ?
૩. પપ્પા અને દીકરો કેવી કેવી મસ્તી કરે છે ?
૪. મમ્મી ક્યારે હસે છે ?
૫. કોણ વધુ સારું ક્રિકેટ રમે છે - પપ્પા કે દીકરો ?
૬. તમે પપ્પા સાથે કઈ કઈ રમત રમો છો ?
૭. પપ્પા ક્યારેય દફતર લઈને નિશાળે જતા નથી - સાચું કે ખોટું ?
૮. તમારા પપ્પાની બૅગમાં શું શું હોય છે ?
૯. આ ગીતમાં પપ્પાએ શું કર્યું ત્યારે તમને ખૂબ મજા આવી ?
૧૦. તમારા પપ્પા સાથે તમને ક્યારે ખૂબ મજા આવે છે ?

## ૧૪. સૂચના મુજબ દોરો :

વિદ્યાર્થીઓને નીચેની સૂચનાઓ વારાફરતી વાંચી સંભળાવો અને તેઓ તે મુજબ નીચેનું ચિત્ર પૂરું કરતા જશે. ત્યારબાદ તેમને ચિત્ર વિશે બોલવા કહો.

૧. ડુંગરની ટોચ પર થાંભલો દોરો.
૨. ઝાડની બે ડાળી વચ્ચે સૂરજ દોરો.
૩. સૂરજની જમણી બાજુની ડાળી પર તારાઓ દોરો.
૪. સૂરજની ડાબી બાજુની ડાળી પર કેરીઓ દોરો.
૫. મોટા વાદળમાં હોડી દોરો.
૬. નાના વાદળમાં માછલી દોરો.
૭. થાંભલા પર તિરંગો દોરો.
૮. પાણી પર તરતાં બે પતંગિયાં દોરો.
૯. થડમાં બે આંખો અને એક નાક દોરો.
૧૦. પેઈન્ટર તરીકે તમારું નામ નદીના પાણી પર લખો.



## ૧૫. ઉદાહરણ મુજબ ફરીથી લખો :

વિદ્યાર્થીઓને ઉદાહરણ મુજબ બે શબ્દ વચ્ચે યોગ્ય જગ્યા રાખી વાક્ય ફરીથી લખવામાં મદદ કરો. તેમને તે વાક્ય કયા પાઠનું છે તે શોધીને લખવાની સૂચના આપો.

- ઝૂમરુજોકરનાચેછે.
- ઝૂમરુ જોકર નાચે છે. પાઠ : નાકકાન વગર ગા

૧. પૂંછમિનારમાંરહીએછીએ.

પાઠ :

૨. સોમાભાઈનીદીકરીનેપોપડીભાવે.

પાઠ :

૩. હુંઘંટીએજઈઘઉંદળાવીલાવીશ.

પાઠ :

૪. ટીચરેઝૂમરુનાવાળપકડીલીધા.

પાઠ :

૫. પગલાંબહારનીકળતાંનથી.

પાઠ :

૬. થોડીખીરતુંપણખાઈલે.

પાઠ :

૭. જંગલનાદંગલસરોવરમાંમંગલફેરાનુંઈનામ.

પાઠ :